અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ માર્ચ ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ વદ ૫
વર્ષ : ૧૫
અંક : ૨૩૮
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## કેજરીવાલની ખુરશી પર મેડમ બેસવાની તૈયારીમાં

। નવી દિલ્હી, તા.૨૯ ।

દિલ્હી લિકર પોલિસી કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કર્યા બાદ આમ આદમી પાર્ટીના નેતાઓ સહિત I.N.D.I.A. ગઠબંધનના નેતાઓ સતત કેન્દ્ર સરકાર પર આંગળી ચીંધી રહ્યા છે, તો બીજીતરફ ભાજપના ઘણા નેતાઓ પણ વિપક્ષના આક્ષેપનો વળતો જવાબ આપી રહ્યા છે, ત્યારે કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ પણ જેલમાં બંધ કેજરીવાલ અને તેમની પત્ની સુનીતા કેજરીવાલ પર કટાક્ષ કર્યો છે. કેન્દ્રીય મંત્રીએ દિલ્હીમાં મીડિયાને સંબોધતા કહ્યું કે, 'કેજરીવાલની ખુરશી જવી હવે સમયની વાત છે અને મેડમ તે ખુરશી પર બેસવાની તૈયારી કરી રહ્યા છે. કેજરીવાલના પત્ની માત્ર રેવન્યુ સર્વિસમાં કર્મચારી હતા, હવે તેમણે બધાને બાજુએ મુકી દીધા છે. હવે તેઓ કદાચ ટોચના પદ પર બેસવાની તૈયારી કરી રહ્યા છે.'

## ન્યૂઝ બ્રિફ

### કંગનાએ પોતાના મત વિસ્તારમાં ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો

। મંડી, તા.૨૯ ।

લોકસભા ચૂંટણીને લઈને જે ઉમેદવારોના નામ જાહેર થઈ ગયા છે, તેમણે પોત-પોતાના મતવિસ્તારમાં ધમાકેદાર ચૂંટણી પ્રચારની શરૂઆત કરી દીધી છે, ત્યારે બોલિવૂડ અભિનેત્રી અને હિમાચલ પ્રદેશમાં મંડી લોકસભા બેઠકની ભાજપ ઉમેદવાર કંગના રનાવતે પણ પોતાના મત વિસ્તારમાં ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરી દીધો છે. આ દરમિયાન તેણે રોડ-શો બાદ જાહેર સભા સંબોધી કોંગ્રેસના રાહુલ ગાંધી અને પ્રવક્તા સુપ્રિયા શ્રીનેત પર આકરા પ્રહારો કર્યા હતા.

### સરકાર બદલાશે તો એવી કાર્યવાહી કરીશું કે ફરી કોઈની હિમ્મત નહીં થાય

। નવી દિલ્હી, તા.૨૯ ।

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસે આવકવેરા વિભાગ તરફથી નોટિસ જાહેર કરી દેવાઈ છે. તેના પર કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સત્તાધારી પાર્ટી ભાજપ પર પ્રહાર કર્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, ભાજપે યાદ રાખવું જોઈએ કે જ્યારે સરકાર બદલાશે, તો તે લોકોની વિરૂદ્ધ કાર્યવાહી કરાશે, જેમણે લોકશાહીનું ચીરહરણ કર્યું છે.

### પીએમ મોદી અને માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સ વચ્ચે મુલાકાત

# 'હું મારા દેશમાં ડિજિટલ ભાગલા નહીં પડવા દઉં' : વડાપ્રધાન મોદી

### બિલ ગેટ્સ સાથેની મુલાકાત દરમિયાન મોદીએ કેન્દ્ર સરકારની યોજનાઓથી લઈને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સુધીની દરેક બાબતો વિશે વાત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સ વચ્ચે મુલાકાત થઈ છે. બંને દિગ્ગજ નેતાઓની આ બેઠક વડાપ્રધાનના નિવાસસ્થાને થઈ હતી. આ મીટિંગમાં બિલ ગેટ્સે પીએમ મોદીને તેમની યોજનાઓથી લઈને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સુધીની દરેક બાબત પર સવાલ કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે કેવી રીતે તેમણે ૪૨૦ કોન્ફરન્સમાં છૈંનો ઉપયોગ કર્યો. તેમણે એ પણ જણાવ્યું કે તેઓ કેવી રીતે ભારતના ગામડાઓને ડિજિટલી મજબૂત કરી રહ્યા છે. આ મીટિંગમાં બિલ ગેટ્સે પીએમ મોદીને તેમની યોજનાઓથી લઈને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સુધીની દરેક બાબત પર સવાલ કર્યા હતા. જો આ વીડિયો જોયો હોય તો તેમા જોઈ શકો છો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિન્દીમાં બોલતા હતા. જ્યારે બિલ ગેટ્સ હિન્દી ભાષા જાણતા નથી. ત્યારે કેવી રીતે વડાપ્રધાનને બિલ ગેટ્સ સાથે વાર્તાલાપ કર્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બિલ ગેટ્સે 2023 G-20 સમિટ અંગે પણ ચર્ચા કરી હતી. ગયા વર્ષે ભારતમાં આ સમિટ યોજાઈ હતી. પીએમ મોદીએ કહ્યું કે ૪-૨૦ સમિટ પહેલા અમે વ્યાપક ચર્ચા કરી હતી અને તમે જોયું હશે કે સમિટની કાર્યવાહીમાં ઘણા વળાંક આવ્યા હતા. હું માનું છું કે હવે અમે ૪-૨૦ ના મુખ્ય ઉદ્દેશ્યો સાથે જોડાયેલા



**મોદી અને બિલ ગેટ્સે ટેક્નોલોજી અને એઆઈની ભૂમિકા અને ફાયદા વિશે ચર્ચા કરી**

નરેન્દ્ર મોદી અને બિલ ગેટ્સ ભારતમાં ડિજિટલ ક્રાંતિ વિશે વાત કરતાની સાથે જ PM તેમને 'નમો ડ્રોન દીદી' યોજના વિશે પણ જણાવે છે. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે હું દુનિયામાં ડિજિટલ ભાગલા વિશે સાંભળતો હતો ત્યારે મને લાગતું હતું કે હું મારા દેશમાં આવું કંઈ નહીં થવા દઉં. ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ પોતાનામાં જ એક મોટી જરૂરિયાત છે. ભારતમાં મહિલાઓ નવી ટેકનોલોજી અપનાવવા માટે વધુ મુક્ત છે. તેમણે કહ્યું કે મેં 'નમો ડ્રોન દીદી' યોજના શરૂ કરી છે. તે ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ દિવસોમાં જ્યારે હું તેમની સાથે વાત કરું છું, ત્યારે તેઓ બધા ખુશ છે. તે કહે છે કે તેને સાઇકલ ચલાવવાનું આવડતું નહોતું પરંતુ તે હવે પાઇલટ છે અને ડ્રોન ઉડાવી શકે છે. ધીરે ધીરે માનસિકતા બદલાઈ ગઈ. પીએમ નરેન્દ્ર મોદી અને બિલ ગેટ્સે ટેક્નોલોજી અને એઆઈની ભૂમિકા અને ફાયદા વિશે ચર્ચા કરી હતી. પીએમે તેમને એ પણ જણાવ્યું કે કેવી રીતે G-20 સમિટ દરમિયાન છૈંનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કાસી તમિલ સંગમમ કાર્યક્રમ દરમિયાન તેમનું હિન્દી ભાષણ કેવી રીતે તમિલમાં અનુવાદિત થયું અને નમો એપમાં AIનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવ્યો.

### આરબીઆઈએ એક નિવેદન જારી કરીને જણાવ્યું

# RBIએ ૨૦૦૦ રૂપિયાની નોટો બદલવા અથવા જમા કરવા પર પ્રતિબંધ મૂક્યો!

### RBIએ કહ્યું હતું કે ૧૯ મે ૨૦૨૩ના રોજ દેશમાં ૨૦૦૦ રૂપિયાની ૩.૫૬ લાખ કરોડ રૂપિયાની નોટો ચલણમાં હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

બેંકિંગ સેક્ટર રેગ્યુલેટર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જાહેરાત કરી છે કે ૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ, નવા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પહેલા દિવસે, તેની પ્રાદેશિક કચેરીઓમાં ૨૦૦૦ રૂપિયાની નોટો બદલવાની અથવા જમા કરવાની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. આરબીઆઈએ એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે ૧ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ, તેની ૧૯ ઈશ્યુ ઓફિસો વાર્ષિક બંધ ખાતાની કામગીરીમાં વ્યસ્ત રહેશે, જેના કારણે તે દિવસે રૂ. ૨૦૦૦ ની નોટો જમા કે બદલી શકાશે નહીં. આરબીઆઈએ કહ્યું કે ૨ એપ્રિલ, ૨૦૨૪થી ૨૦૦૦ રૂપિયાની નોટ જમા કે બદલી શકાશે. ભારતીય રિઝર્વ બેંકે ૨૮ માર્ચ, ૨૦૨૪ ના રોજ ૨૦૦૦ રૂપિયાની નોટો બદલવા અને જમા કરાવવા અંગે એક નિવેદન બહાર પાડ્યું છે. આ જાહેરાતમાં આરબીઆઈએ જણાવ્યું હતું કે સોમવાર, ૧ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ, ભારતીય રિઝર્વ બેંકની ઈશ્યુ ઓફિસમાં ૨૦૦૦ રૂપિયાની નોટો બદલવાની અથવા જમા કરાવવાની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. આરબીઆઈએ કહ્યું કે આરબીઆઈની કામગીરીને ખાતાના વાર્ષિક બંધ સાથે જોડવામાં આવશે, જેના કારણે તે દિવસે રૂ. ૨૦૦૦ની નોટો બદલવાની અથવા જમા કરાવવાની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. અગાઉ ૧ માર્ચ, ૨૦૨૪ના



રોજ, ભારતીય રિઝર્વ બેંકે કહ્યું હતું કે ૨૦૦૦ રૂપિયાની નોટોને ચલણમાંથી પાછી ખેંચી લેવાના નિર્ણય બાદ, અત્યાર સુધીમાં ૨૦૦૦ રૂપિયાની કુલ ૯૭.૬૨ ટકા નોટો ભારતીય રિઝર્વ બેંકને પરત કરવામાં આવી છે. ૧૯ મે, ૨૦૨૩ના રોજ એક અણધારી જાહેરાતમાં, RBIએ દેશમાંથી રૂ. ૨૦૦૦ની નોટો પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. ૨૦૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી પાછી ખેંચતી વખતે RBIએ કહ્યું હતું કે ૧૯ મે ૨૦૨૩ના રોજ દેશમાં ૨૦૦૦ રૂપિયાની ૩.૫૬ લાખ કરોડ રૂપિયાની નોટો ચલણમાં હતી. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધીમાં, આ આંકડો ઘટીને રૂ. ૮૪૭૦ કરોડ પર આવી ગયો છે, એટલે કે રૂ. ૨૦૦૦ની કુલ નોટોમાંથી ૯૭.૬૨ ટકા આરબીઆઈને પાછી આવી છે. RBI એ સ્પષ્ટ કર્યું છે કે ૨૦૦૦ રૂપિયાની નોટ લીગલ ટેન્ડર રહેશે. આરબીઆઈએ માત્ર આ નોટોને ચલણમાંથી બહાર કાઢી છે. આરબીઆઈએ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી બેંકોમાં ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવાની સુવિધા આપી હતી.

### વહેલી સવારે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી

# જમ્મુ-શ્રીનગર ખાતે કેબ ખાઈમાં પડી જતાં ૧૦ લોકોનાં મોત થયા

### અકસ્માતની માહિતી મળતા જ પોલીસ, SDRF અને સિવિલ QRTની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી : ટીમ દ્વારા વહેલી સવારે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે પર રામબન નજીક શુક્રવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. આ માર્ગ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા છે. અકસ્માતની માહિતી મળતાની સાથે જ પોલીસ, SDRF અને રામબન સિવિલની ઊઈ્ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમે બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે રામબન વિસ્તારમાં બેટરી ચશ્મા પાસે જમ્મુ શ્રીનગર નેશનલ હાઈવે પર જમ્મુથી શ્રીનગર જઈ રહેલી પેસેન્જર કેબ ઉંડી ખાઈમાં પડી ગઈ હતી.

કેબમાં મુસાફરી કરી રહેલા ઘણા મુસાફરોના મોતની આશંકા છે. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ, SDRF અને સિવિલ QRTની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમ દ્વારા વહેલી સવારે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં ટીમે અત્યાર સુધીમાં ૧૦ લોકોના મૃતદેહ બહાર કાઢ્યા છે. પરંતુ વિસ્તારમાં ઉંડી ખાડો, અંધારપટ અને વરસાદના કારણે બચાવ કામગીરી હાલ પુરતી અટકાવી દેવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે આ



અકસ્માતની જાણકારી લગભગ ૧.૧૫ વાગ્યે મળી હતી. માહિતી મળી હતી કે જમ્મુથી કાશ્મીર મુસાફરોને લઈ જતી એક ટેક્સી (ટવેરા) નેશનલ હાઈવે-૪૪ પર બેટરી ચશ્મા પાસે લગભગ ૩૦૦ મીટર ઊંડી ખાઈમાં પડી હતી. એસએચઓ પીએસ રામબન, પોલીસ ટીમ, એસડીઆરએફ ટીમ અને સિવિલ ક્યુઆરટી રામબન સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને બચાવ કામગીરી શરૂ કરી.

ઉંડી ખાઈમાંથી અત્યાર સુધીમાં ૧૦ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. તેઓનું સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે કારણ કે ભૂપ્રદેશ ખૂબ જ મુશ્કેલ છે અને સતત વરસાદ પડી રહ્યો છે. વહેલી સવારે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૧૦ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. જો કે આ વિસ્તારમાં ઊંડી ખાઈ, અંધકાર અને સતત વરસાદને કારણે બચાવ કામગીરી પડકારરૂપ બની રહી છે.

આ વચ્ચે એવી માહિતી પણ સામે આવી છે કે રાહત કામગીરી થોડા સમય માટે બંધ કરી દેવામાં આવી છે.બચાવ ઓપરેશનમાં સૌથી મોટી સમસ્યા વરસાદની છે, જેના કારણે બચાવકર્મીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટના શુક્રવારે વહેલી સવારે બની હતી, કારણ કે તેમને લગભગ ૧.૧૫ વાગ્યે અકસ્માતની જાણ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે તવેરા કાર સાથેની કેબ મુસાફરો સાથે કાશ્મીર જઈ રહી હતી, પરંતુ રસ્તામાં અચાનક એક અપ્રિય ઘટના બની. જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર કેબ ૩૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હતી. અત્યાર સુધી બહાર કાઢવામાં આવેલા મૃતદેહોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને પરિવારજનોને જાણ કરવાની તૈયારી કરવામાં આવી હતી.

### FTX માંથી ગોટાળા બહાર આવ્યા

# ક્રિપ્ટોના બાદશાહ તરીકે ઓળખાતા સેમ બેન્કમેનને ૨૫ વર્ષની જેલ થઈ

### તેણે કોર્ટમાં દલીલ કરી કે તેનું હેજ ફંડ તેના કસ્ટમરની ડિપોઝિટને ગમે ત્યાં ખર્ચ કરતું હતું તે વાતથી તે વાકેફ ન હતો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।

ક્રિપ્ટો કરન્સીની દુનિયામાં ઉથલપાથલ મચાવી દેનાર ઉદ્યોગ સાહસિક સેમ બેંકમેન ફ્રાઈડને છેતરપિંડીના કેસમાં અમેરિકામાં ૨૫ વર્ષની જેલ થઈ છે. સેમ બેન્કમેનની ઉંમર માત્ર ૩૨ વર્ષ છે અને એક સમયે તે ક્રિપ્ટો કિંગ તરીકે ઓળખવામાં આવતો હતો. સેમ બેક્રમેને જ હ્લ્ઠની સ્થાપના કરી હતી જેમાં પછી મોટા ગોટાળા બહાર આવ્યા હતા. સેમ બેક્રમેન-ફ્રાઈડને એક સમયે 'ક્રિપ્ટો-બિલિયોનેર' અને 'ક્રિપ્ટો વિશ્વમાં સૌથી પાવરફૂલ રોકાણકાર' તરીકે ગણવામાં આવતા હતા. હવે તેણે કદાચ અઢી દાયકા સુધી જેલ ભોગવવી પડશે. FTX એ ડિજિટલ કરન્સી એક્સચેન્જ માટે વિશ્વના સૌથી લોકપ્રિય પ્લેટફોર્મમાં એક ગણવામાં આવતું હતું. પરંતુ તેના પતન માટે સેમ બેક્રમેનને જવાબદાર માનવામાં આવે છે. બે વર્ષ જૂના કેસમાં નિર્ણાયક ચુકાદો આવી ગયો છે. એફટીએક્સમાં એક જ આંચકામાં હજારો રોકાણકારોના અબજો ડોલરનો નાશ થયો હતો. સેમ પર અમેરિકાના ઈતિહાસમાં સૌથી મોટી નાણાકીય છેતરપિંડી કરવાનો આરોપ છે. અમેરિકન ડિસ્ટ્રિક્ટ જજ લુઈસ કપલાને મેનહટન કોર્ટની સુનાવણીમાં બેંકમેન-ફ્રાઈડના દાવાને નકારી કાઢ્યા હતા. જજે જણાવ્યું હતું કે FTXના ક્લાયન્ટ્સે ૮ બિલિયન ડોલર ગુમાવ્યા છે, FTXના ઈક્વિટી રોકાણકારોએ આ કૌભાંડમાં





$1.7 બિલિયન ડોલર ગુમાવ્યા છે. આ ઉપરાંત અલમેડા રિસર્ચ હેજ ફંડના ધિરાણકર્તાઓએ $1.3 બિલિયન ગુમાવ્યા છે.

સેમ બેક્રમેને એમઆઈટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાંથી ગ્રેજ્યુએશન કર્યું છે. પરંતુ ૨૦૧૭માં તે ટ્રેડિંગનું કામ છોડીને ક્રિપ્ટો આધારિત રિસર્ચ કંપનીમાં જોડાયો હતો. ત્યાર બાદ ૨૦૧૯માં સેમ બેક્રમેન અને ગૂગલના ભૂતપૂર્વ કર્મચારી ગેરી વેંગે એફટીએક્સ ક્રિપ્ટો પ્લેટફોર્મની સ્થાપના કરી હતી. ઓક્ટોબર ૨૦૨૧માં એફટીએક્સે ૪૨૦ મિલિયન ડોલર એકત્ર કર્યા જેથી કંપનીની વેલ્યૂ ૨૫ અબજ ડોલર થઈ હતી. આ સાથે જ ફોર્બ્સના ધનિકોની લિસ્ટમાં પણ સેમ બેક્રમેન સામેલ થઈ ગયો. એનએફએલની સુપર બાઉલ બ્રોડકાસ્ટમાં પણ ક્રિપ્ટોની એડ જ વધારે જોવા મળે છે પરંતુ જૂન-જુલાઈ ૨૦૨૨માં બિટકોઈનમાં ભયંકર કડાકો આવ્યો અને સેમ બેક્રમેન માટે મુસીબતની શરૂઆત થઈ.

### સીટોની વહેંચણીને લઈને પરસ્પર સહમતિ બની

# બિહારમાં મહાગઠબંધનની અંદર પણ સીટોની વહેંચણી કરવામાં આવી

। (એજન્સી) પટણા, તા.૨૯ ।

બિહારમાં મહાગઠબંધનની અંદર પણ સીટોની વહેંચણીને લઈને પરસ્પર સહમતિ બની ગઈ છે. પ્રથમ તબક્કાના મતદાન માટે નામાંકન પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને હવે સીટ વિતરણની જાહેરાત કરવામાં આવી છે. લાંબા સમયથી ફસાયેલા મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીનો મુદ્દો ઉકેલાઈ ગયો છે અને હવે કોંગ્રેસને ૯ બેઠકો આપવામાં આવી છે. આરજેડી અને ડાબેરી પક્ષોની બેઠકો પણ જાહેર કરવામાં આવી હતી. લોકસભા ચૂંટણી ૨૦૨૪માં મહાગઠબંધનમાં RJD મોટા ભાઈની ભૂમિકા ભજવશે. કોંગ્રેસને ૯ બેઠકો આપવામાં આવી છે જેમાં પટના સાહિબ, કટિહાર, કિશનગંજ, પશ્ચિમ ચંપારણ, સમસ્તીપુર, સાસારામ, મુઝફ્ફરપુર, ભાગલપુર,મહારાજગંજનો સમાવેશ થાય છે. ડાબેરી પક્ષોને બેઠકો મળી હતી જેમાં CPI(M)- ખાગરિયા, CPI- બેગુસરાય, CPI(ML)- આરા, નાલંદા, કરકટનો સમાવેશ થાય છે. આરજેડીની ૨૬ સીટો મળી હતી જેમાં ગયા, નવાદા, જહાનાબાદ, ઔરંગાબાદ, બક્સર, પટના, મુંગેર, જમુઈ, બાંકા, વાલ્મીકિ નગર, પૂર્વ ચંપારણ, શિવહર, પૂર્ણિયા, સીતામઢી, વૈશાલી, સારન, સિવાન, ગોપાલગંજ, ઉજિયારપુર, દરભંગા, મધુબની, ઝંઝારપુર, અરરિયા, સુપૌલ, મધેપુરા, હાજીપુરનો સમાવેસ થાય છે.


### આવકવેરા ખાતાએ કોંગ્રેસ પાર્ટીને નોટિસ આપી

# કોંગ્રેસ પાર્ટીને ૧૭૦૦ કરોડ રૂપિયાનો ટેક્સ ભરવા નોટિસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

લોકસભાની ચૂંટણી અગાઉ કોંગ્રેસના બેન્ક ખાતા તો સિઝ થયેલા જ છે, સાથે સાથે ઈન્કમટેક્સની નોટિસ પણ આવી છે. આવકવેરા ખાતાએ કોંગ્રેસ પાર્ટીને ૧૭૦૦ કરોડ રૂપિયાનો ટેક્સ ભરવાની નોટિસ આપી છે. હાલમાં આવકવેરા વિભાગ કોંગ્રેસની આવકની આકારણી કરે છે. કોંગ્રેસે આની સામે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી જેને કોર્ટે ફગાવી દીધી છે.

આવકવેરા વિભાગે કોંગ્રેસને ૧૭૦૦ કરોડ રૂપિયાની નોટિસ ફટકારી છે. આ નોટિસ વ્યાજ અને દંડ



સાથે ૨૦૧૭-૧૮થી લઈને ૨૦૨૧-૨૨ સુધીના સમયગાળા માટે છે. તેથી આ આંકડો હજુ વધવાની શક્યતા છે. લોકસભાની ચૂંટણી માથે આવી ગઈ છે ત્યારે કોંગ્રેસે ચૂંટણી અગાઉ આવકવેરા વિભાગની આ કાર્યવાહીને ગેરકાયદે અને બિનલોકતાંત્રિક ગણાવી છે. કોંગ્રેસના વકીલ અને રાજ્યસભાના સાંસદ વિવેક ટંખાએ કહ્યું કે તેઓ આવકવેરા વિભાગની કાર્યવાહીને કાયદાકીય રીતે પડકારશે. તેમણે આઈટીની કાર્યવાહીને અન્યાયી ગણાવી છે. આવકવેરા વિભાગ કોંગ્રેસની આવકનું નવેસરથી એસેસમેન્ટ કરે છે. તેની સામે કોંગ્રેસે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી અને ચાર વર્ષમાં થયેલા પુનઃમૂલ્યાંકનને પડકાર્યો હતો. જસ્ટિસ યશવંત વર્મા અને પુરૂષેન્દ્ર કુમાર કૌરવની ડિવિઝન બેન્ચે રિએસેસમેન્ટ પર પ્રતિબંધ લગાવવાનો ઈકાર કરી દીધો હતો. દિલ્હી હાઈકોર્ટે ચાર વર્ષના સમયગાળા માટે ટેક્સ સત્તાવાળાઓ દ્વારા કરવેરાની પુનઃ આકારણીની કાર્યવાહીને પડકારતી કોંગ્રેસની અરજીઓને ગુરુવારે ફગાવી દીધી હતી.

હાલની બાબત વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૧ સુધીની આકારણી સાથે સંબંધિત છે. અન્ય અરજીમાં કોંગ્રેસ પાર્ટીએ ૨૦૧૪-૧૫ થી ૨૦૧૬-૧૭ના મૂલ્યાંકન વર્ષ સંબંધિત રિએસેસમેન્ટની કાર્યવાહીને પડકારી હતી. ૨૨ માર્ચે હાઈકોર્ટે આ દલીલોને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે ટેક્સ ઓથોરિટીએ પૂરતા અને નક્કર પુરાવા એકત્રિત કર્યા છે, જેના માટે વધુ તપાસની જરૂર છે.

# સગીરાને મોટી બહેનના નણદોઈ સાથે હતો પ્રેમ, ઘર બચાવવા કરી હત્યા

## દીઘલીયા ગામમાં રહેતી ૧૬ વર્ષીય સગીરાના પ્રેમ સંબંધને કારણે માતા-પિતા તથા મોટી બહેને મારી નાંખી છે

### મૃતદેહને રાજકોટ સિવીલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

। (એજન્સી) મોરબી, તા.૨૯ ।

વાંકાનેરના દીઘલીયા ગામમાં રહેતી ૧૬ વર્ષીય સગીરાના પ્રેમ સંબંધને કારણે માતાપિતા તથા મોટી બહેને તેને મારી નાંખી છે. જોકે, આ ઘટનામાં મોટી વાત બહાર આવી છે. સગીરાને બીજા કોઈની સાથે નહીં પરંતુ મોટી બહેનના નણદોઈ સાથે પ્રેમ સંબંધ હતો. આ વાત બહાર ન આવે તે માટે પરિવારે મળીને તેને પહેલા ઓશીકાથી મોઢે ડૂમો દઈ જે બાદ હાથથી તથા દુપટ્ટાથી ગળે ટૂંપો દઈને મોત નિપજાવ્યું હતું. હત્યાના આ બનાવમાં સમગ્ર રાજ્યમાં ચકચાર મચી ગયો છે. ત્યારે ચકચારી હત્યાના કેસમાં મૃતક સગીરાના કૌંટુબીક કાકા દ્વારા પોલીસ મથકમાં હત્યારા માતા-પિતા અને બહેન વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ચકચારી હત્યા કેસની વિગત અનુસાર ગત તા.૨૬ માર્ચની રાત્રીએ વાંકાનેર તાલુકાના દીઘલીયા ગામમાં રહેતી રીંકલ મહેશભાઈ ગોંડલીયા નામની ૧૬ વર્ષીય સગીરાનું શંકાસ્પદ હાલતમાં મોત નીપજ્યું હતું. મૃતક સગીરાના માતા પિતાએ તબીબ સમક્ષ મોતનું કારણ હાર્ટ એટેક હોવાનું જણાવ્યું હતું. ત્યારે ડોક્ટરને સગીરાનું મોત શંકાસ્પદ લાગતા મૃતદેહને રાજકોટ સિવીલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. જેમાં મોતનું કારણ ગળાંફાસો હોવાનું ખુલ્યું હતું. સગીરાના મૃતદેહને રાજકોટ ફોરેન્સિક પોસ્ટમોર્ટમમાં મોકલ્યાના બીજે દિવસે મૃતક સગીરાના માતાપિતાના ઘરે તેમના કુટુંબીજનો તથા સગાવ્હાલા ગયા હોય ત્યારે મૃતક સગીરાના મૃત્યુ અંગે વાત કરતા પૂછ્યું કે, મૃતકને કઈ નથી થયું તો તેની લાશને ડોક્ટરે પીએમ માટે કેમ રાજકોટ મોકલી ત્યારે મૃતક સગીરાના માતા-પિતા એકદમ ગભરાઈ ગયા અને જવાબ આપી શક્યા ન હતા. પોલીસે આરોપીઓની કડક પૂછપરછ કરી હતી. જેમા પિતા ભાંગી પડતા જણાવ્યું હતું કે, તેની મૃતક દીકરી રિંકલને બામણબોર રહેતા પરિણીત રાહુલ મુકેશભાઈ કાપડિયા નામના યુવક સાથે પ્રેમસંબંધ હતો. જે પ્રેમસંબંધના કારણે મૃતક રિંકલની મોટી બહેન હિરલબેનની નણંદ સાથે મૃતક યુવતીના પ્રેમી યુવકના છૂટાછેડા થયા હતા. જેથી મૃતક રિંકલને રાહુલ સાથે પ્રેમસંબંધ રાખવાની માતાપિતા દ્વારા ના પાડી સમજાવી હતી કે, તારા કારણે ભવિષ્યમાં તારી મોટી બહેનના છૂટાછેડા થશે.

ઘણું સમજાવી છતાંય મૃતક રિંકલ ગત. ૨૬-૦૩ના રોજ રાત્રીના ૧ વાગ્યાની આસપાસ પ્રેમી સાથે મોબાઈલમાં વાત કરતી હતી. ત્યારે મૃતક રિંકલને તેની માતા દ્વારા પકડી પાડવામાં આવી હતી. ત્યારે તેની માતાએ તેનો મોબાઈલ લઈ સીમકાર્ડ કાઢીને ફેંકી દીધું હતું. ત્યારબાદ રાત્રીના ત્રણ-સાડાત્રણની આસપાસ રિંકલના માતા-પિતા તથા બહેન દ્વારા રિંકલના હાથ પગ પકડી તેને ઓશીકા વડે તેમજ હાથથી અને દુપટ્ટાથી ગળેફાસો દઈ મોતને ઘાટ ઉતારી દીધાનું જણાવ્યુ હતું. સગીરાની હત્યા કર્યાનું તેના માતા પિતા દ્વારા જણાવતા દીઘલીયા ગામમાં જ રહેતા કૌટુંબીકભાઈ દિનેશભાઈ ગૌરીદાસ ગોંડલીયા દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી સુરેખાબેન મહેશભાઈ ગોંડલીયા (માતા), મહેશભાઈ રવીરામભાઈ ગોંડલીયા (પિતા) તથા હિરલબેન મહેશભાઈ ગોંડલીયા(બહેન) વિરુદ્ધ હત્યા અંગેની ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે ત્રણ આરોપીઓ સામે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી પિતા મહેશ ગોંડલિયાની અટકાયત કરી છે તેમજ આરોપી માતા અને બહેનની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.

**ન્યૂઝ બ્રિફ**

### બનાસકાંઠામાં યુવકનું અપહરણ કરી ઢોર માર મારવામાં આવ્યો

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૯ ।

બનાસકાંઠાના એક યુવકનું પ્રેમલગ્ન સંબંધમાં અપહરણ કરવામાં આવ્યું છે. યુવકનું ગવાડી વિસ્તારમાંથી અપહરણ થયું છે. આ યુવકે પાટણની યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. બનાસકાંઠાના એક યુવકનું પ્રેમલગ્ન સંબંધમાં અપહરણ કરવામાં આવ્યું છે. યુવકનું ગવાડી વિસ્તારમાંથી અપહરણ થયું છે. આ યુવકે પાટણની યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. બનાસકાંઠાના યુવાન અને પાટણની યુવતીના પ્રેમલગ્નને લઈને તેમના પરિવારજનો નારાજ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત મુજબ બનાસકાંઠાના યુવકનું પાટણની યુવતીના ભાઈઓ દ્વારા જ અપહરણ કરવામાં આવ્યું છે. યુવતીના ભાઈઓએ જબરજસ્તી પૂર્વક યુવકને રીક્ષામાં બેસાડ્યો અને ક્યાંક અજાણી જગ્યાએ લઈ ગયા હતા.યુવતીના ભાઈ અરબાઝખાન અને તેના સાગરિતો યુવકને રીક્ષા બેસી ઉઠાડી જતા સૂમસામ જગ્યાએ લઈ જઈ તેને ઢોર માર માર્યો. અપહરણકર્તાઓએ યુવકને ઢોર માર મારતા ઈન્જેકશન પણ આપી બેભાન કરી દીધો. યુવક ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવતા હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અપહરણની ઘટના વીડિયોમાં કેદ થઈ છે.

### બોટાદ LCBએ આંતરરાજ્ય કાર ચોરીનો પર્દાફાશ કર્યો

। (એજન્સી) બોટાદ, તા.૨૯ ।

બોટાદ LCBએ આંતરરાજ્ય કાર ચોરીનો પર્દાફાશ કર્યો છે. બોટાદના નાગલપરથી પોલીસે ૮ કાર સાથે આરોપીની ધરપકડ કરી છે. નાગલપરથી તુલસી ઠોળીયા નામનો શખ્સ અન્ય રાજ્યોમાંથી મોઘી કારોની ચોરી કરી વેપાર અર્થે લાવતા હોવાનું સામે આવ્યુ છે. દિલ્લી સહિત અન્ય રાજ્યોમાંથી કાર લાવીને સસ્તા ભાવે ગુજરાતમાં વેચી દેતો હતો. કેસમાં સુરતના બ્રિજેશ મોણપરા અને નાગલપરના રમેશ હાડગડાના નામ પણ ખુલ્યા છે. LCB પોલીસે ૮ કાર સહિત ૧.૨૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. દિલ્હી સહિતના રાજ્યોમાંથી ચોરીની કાર ગુજરાતમાં વેચવાના કારસ્તાનનો પર્દાફાશ થયો છે. અન્ય રાજ્યોમાંથી ટોળકીઓ દ્વારા ચોરીની કારને સસ્તાભાવે ગુજરાતમાં પધરાવી દેવામાં આવતી હતી અને આ કાર સ્થાનિકો દ્વારા સસ્તાભાવે આપી દેવામાં આવતી હતી. બોટાદ LCB પોલીસે આંતરરાજ્ય કાર ચોરીનો પર્દાફાશ કર્યો છે. આ રેકેટમાં અન્ય લોકોના નામ પણ પોલીસ તપાસમાં ખુલી શકે છે.



અરવિંદ ફ્લેટના રહીશો સાથે થયેલ છેતરપિંડીના વિરોધમાં બિલ્ડરની ઓફિસ પર દેખાવો કરવામાં આવ્યા હતા.

# ભાજપ હોય કે કોંગ્રેસ આ ગામમાં કોઈ કરી શકતું નથી ચૂંટણી પ્રચાર

## રાજસમઢિયાળા ગ્રામ પંચાયતે જુદા જુદા નિયમો બનાવ્યા છે, આ નિયમોના ઉલ્લંઘન બદલ ગ્રામજનોને દંડ ભરવો પડે છે

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

ગુજરાતમાં એક એવું ગામ કે જ્યાં આઝાદી પછી ચૂંટણી જ કરવામાં નથી આવી.આવુ એટલા માટે કારણ કે ગામમાં સરપંચની પસંદગી ગામ દ્વારા સમરસતાથી કરવામાં આવે છે. આ ગામમાં કોઈ પક્ષના લોકો આવીને પ્રચાર કરી શકતા નથી. કારણ કે આ ગામમાં ચૂંટણી પ્રચાર કરવા પર રોક છે. પરંતુ ગામના લોકો માટે મતદાન કરવું ફરજિયાત હોય છે. આ ગામનું નામ રાજસમઢિયાળા છે. જે રાજકોટથી ૨૨ કિલોમીટરના અંતરે આવેલું છે. રાજસમઢિયાળા ગ્રામ પંચાયતે જુદા જુદા નિયમો બનાવ્યા છે.

આ નિયમોના ઉલ્લંઘન બદલ ગ્રામજનોને દંડ ભરવો પડે છે. જેમા મતદાન ન કરનાર વ્યક્તિને ૫૧ રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે. જેથી દરેક ચૂંટણી સમયે આ ગામમાં ૧૦૦ ટકા મતદાન થાય છે. આ



ઉપરાંત અહીંની લોક અદાલત જ ગ્રામજનો માટે સુપ્રિમ છે. પરંતુ આ ગામની એક ખાસિયત છે કે, અહિં છેલ્લા ૪૦ વર્ષથી કોઈ ગુનો નોંધાયો નથી. આ ગામને રાજ્યનું આદર્શ અને સ્વચ્છ ગામ માનવામાં આવે છે. રાજસમઢિયાળા ગામની બાજુમાં આવેલા સરધાર ગામના વતની નીતિનભાઈ ઢાંકેચાએ જણાવ્યું હતું કે, અમે છેલ્લા ૫૦ વર્ષથી રાજસમઢિયાળા ગામ સાથે જોડાયેલા છીએ. રાજસમઢિયાળા ગામના નિયમો હરદેવસિંહ જાડેજાએ બનાવેલા છે. આ ગામનો વિકાસ તેમણે બનાવેલા નિયમોને આભારી છે. કારણ કે આ નિયમોના કારણે ગ્રામજનો ગેરમાર્ગે દોરાઈ જતા નથી. પરિણામે તેઓ શાંતિથી રહી શકે છે. ચૂંટણી દરમિયાન ગામના માહોલ વિશે વાત કરતા નીતિનભાઈ જણાવે છે કે, ચૂંટણી પ્રચાર દરમિયાન નાના નાના ગામમાં બે પક્ષો જ્યારે પોતાનો પ્રચાર કરવા માટે આવે છે. જેને લઈને ગામમાં કજિયા-કંકાસ થાય છે. આ વાદ-વિવાદ ચૂંટણી પુરી થયા પછી પણ એમનો એમ જ રહે છે. જેથી ગામની શાંતિ ડહોળાય છે. જેથી આ ગામમાં કોઈપણ પ્રકારની પાર્ટી માટે ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મારૂં માનવું છે કે, જો ગામને વિકસિત કરવું હોય તો રાજસમઢિયાળા ગામ જેવા નિયમો દરેક ગામમાં હોવા જોઈએ.

### સીએનએસ એડમિરલ આર હરિકુમારે વેલિંગ્ટનના ડીએસએસસીમાં ૭૯ સ્ટાફ કોર્સમાં ભાગ લઈ રહેલા ભારતીય સશસ્ત્ર દળોના ભાવિ નેતૃત્વને સંબોધન કર્યું





। અમદાવાદ, તા.૨૯ ।

નૌકાદળના વડા એડમિરલ આર હરિ કુમારે ૨૮ માર્ચ ૨૦૨૪ના રોજ વેલિંગ્ટનના ડીએસએસસીની મુલાકાત લીધી હતી અને ૭૯ સ્ટાફ કોર્સમાં ભાગ લેતા ભારતીય સશસ્ત્ર દળોના ભાવિ નેતૃત્વને સંબોધન કર્યું હતું. નૌકાદળના વડાએ ભારતની દરિયાઈ વિરાસત અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઈ લાક્ષણિકતા સ્થાપિત કરવામાં દેશની ભૂગોળના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારતીય નૌકાદળના કોમ્બેટ રેડી, વિશ્વસનીય, સંયોજક અને ફ્યુચર-પ્રૂફ ફોર્સમાં પરિવર્તન પર પ્રકાશ પાડ્યો હતો, જે અનંતના સિદ્ધાંતોનો ઉપયોગ કરે છે. એડમિરલ આર હરિ કુમારે ભારતીય નૌકાદળ દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલી કેટલીક કામગીરીઓ વિશે વિસ્તૃત વર્ણન કર્યું હતું, જેમાં એન્ટિ-પાઈરેસી મિશનનો પણ સમાવેશ થાય છે. તેમણે ભારતનાં વેપાર અને અન્ય દરિયાઈ હિતોનું રક્ષણ કરવામાં નૌકાદળની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે રાષ્ટ્રીય સૈન્ય ઉદ્દેશો હાંસલ કરવા સશસ્ત્ર દળોની અંદર સંયુક્તતા અને સંકલનનાં મહત્ત્વ પર પણ ભાર મૂક્યો હતો.

# સોસાયટીઓ બેફામ ટ્રાન્સફર ફી હવે ઉઘરાવી શકશે નહીં

## હાઉસિંગની ટ્રાન્સફર ફી વિશે ચોક્કસ નિયમો ઘડાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

કોઈ પણ મકાનની ડીલ થાય ત્યારે સોસાયટી દ્વારા કેટલી ટ્રાન્સફર ફી ઉઘરાવવી એ એક વિવાદનો વિષય છે. ગુજરાત સરકાર આ મામલે એક નવો ખરડો લાવી છે જેને રાજ્યપાલની મંજૂરી મળી ગઈ છે. તેના કારણે બેફામ વસુલ કરવામાં આવતી ટ્રાન્સફર ફીમાંથી રાહત મળવાની શક્યતા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુરુવારે ગુજરાત કોઓપરેટિવ સોસાયટી (સુધારણા) ખરડાને મંજૂરી આપી દીધી છે. વિધાનસભાના બજેટ સત્રમાં આ ખરડો લાવવામાં આવ્યો હતો. હવે સરકાર આ ખરડા મુજબ નવા નિયમન તૈયાર કરશે. લોકસભાની ચૂંટણી પછી તે કાયદાના સ્વરૂપમાં અમલમાં આવે તેવી શક્યતા છે. સૂત્રોએ કહ્યું કે કોઓપરેટિવ સોસાયટીમાં મકાનનું વેચાણ થાય ત્યારે વધુમાં વધુ ૫૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર ફી નક્કી થાય તેવી શક્યતા છે. સરકાર સોસાયટીઓ દ્વારા લેવામાં આવતા ડેવલપમેન્ટ ચાર્જિસને કન્ટ્રોલ કરશે, અથવા ડેવલપમેન્ટ ચાર્જ વસુલવાની આખી સિસ્ટમ જ બંધ કરી નાખે તેવી શક્યતા છે. ગયા મહિને વિધાનસભામાં ગુજરાત કોઓપરેટિવ સોસાયટી (સુધારણા) ખરડો રજુ થયો હતો. તેની પાછળનો ઈરાદો કોઓપરેટિવ સોસાયટીઓનું મેનેજમેન્ટ વધુ સારી રીતે થાય તે જોવાનો છે. તમામ સભ્યોના હિત જળવાઈ રહે તે માટે આ કાયદો ઘડવામાં આવશે તેમ સરકારે કહ્યું હતું. હાઉસિંગ સોસાયટીમાં કોઈ વ્યક્તિ જ્યારે બીજી વ્યક્તિ પાસેથી મકાન ખરીદે ત્યારે તેણે ટ્રાન્સફર ફી આપવી પડતી હોય છે. આ ટ્રાન્સફર ફી કેટલી હોવી જોઈએ તેના પર ઘણા વિવાદ થયા છે. ઘણી સોસાયટીઓ અત્યંત ઉંચી ટ્રાન્સફર ફી રાખતી હોય છે જેના કારણે સોદા મુશ્કેલ બની જાય છે. સરકારે ૧૯૫૧ના કો-ઓપરેટિવ સોસાયટી એક્ટમાં એક નવી શરત ઉમેરી છે. તે મુજબ હાઉસિંગ સોસાયટીઓ નક્કી કરવામાં આવેલી રકમ કરતા વધારે ટ્રાન્સફર ફી નહીં વસુલી શકે.આ ખરડો વિધાનસભામાં રજુ કરતી વખતે રાજ્યકક્ષાના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું હતુ કે હાલના ધારામાં નવા મકાનમાલિક પાસેથી કેટલી ટ્રાન્સફર ફી વસુલવી તેના વિશે કોઈ જોગવાઈ નથી.

### બનાસકાંઠામા કોંગ્રેસને ઝટકો

# પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ડી.ડી રાજપૂતે કોંગ્રેસને રામ રામ કરી દીધાં

## રાજપૂતના રાજીનામાંથી અનેક તર્ક વિતર્ક વહેતા થયા

। (એજન્સી) પાલનપુર, તા.૨૯ ।

ગુજરાતમાં એક તરફ ઉનાળાની ગરમીનું તાપમાન વધી રહ્યું છે. બીજી તરફ સતત રાજકીય ગરમાવો પણ આવી રહ્યો છે. એવામાં કોંગ્રેસની આશાના કિરણસમી બનાસકાંઠા બેઠકમાં પણ ડખો પડ્યો છે. વાવાના ધારાસભ્ય એક મજબૂત નેતા અને કોંગ્રેસ માટે લોકસભાના એક મજબૂત ઉમેદવાર છે એમા કોઈ બેમત નથી. બનાસકાંઠામાં એક સૂત્ર પણ પ્રચલિત થયું છે બનાસની બેની ગેની...પણ હાલ ગેનીબેનની ટીમ તૂટી રહી હોય તેવી પ્રતિત થઈ રહ્યું છે. લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણી સમયે બનાસકાંઠામાં ચૂંટણીને લઈને વધુ એક ટ્વીસ્ટ આવ્યો છે. બનાસકાંઠામાં કોંગ્રેસને ઝટકો લાગ્યો છે. ચૂંટણી સમયે કોંગ્રેસમાં સતત ગાબડા પડી રહ્યાં છે. આજે બનાસકાંઠા કોંગ્રેસને ઝટકો લાગ્યો છે. પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ડી.ડી રાજપૂતે કોંગ્રેસને રામ રામ કહીને પંજાનો સાથ છોડ્યો છે. આમ, ગેનીગેનને મોટો ઝટકો પહોંચ્યો છે. કારણકે, ગેનીબેનની ટીમના સેનાપતિ સમાન ડી.ડી.રાજપૂતે કોંગ્રેસને રામરામ કરી દીધાં છે. રાજપૂતના રાજીનામાથી અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે. ચર્ચા એવી પણ થઈ રહી છેકે, હવે ગેનીબેન માટે મુશ્કેલીઓમાં વધારો થશે. હાલ કોંગ્રેસના ગેનીબેન અને ભાજપના ડૉ. રેખાબેનના સામેસામે પ્રચંડ



પ્રચાર ચાલી રહ્યો છે. તો બીજી તરફ કોંગ્રેસમાં ભંગાણના સમાચાર મળ્યા છે. વર્ષ ૨૦૧૭માં થરાદ બેઠકથી ચૂંટણી લડનાર પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ડી.ડી રાજપૂતે કોંગ્રેસને રામ રામ કરી દીધાં છે. રામ મંદિર મુદ્દે કોંગ્રેસના વલણથી વ્યથિત થઈ આત્મના અવાજ સાંભળી કોંગ્રેસ છોડવાનો નિર્ણય લીધો હોવાનું રાજપૂતે આપ્યું છે નિવેદન. થરાદ રાજપૂત સમાજના પ્રમુખ એવા ડી.ડી રાજપૂત કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા તેવી અટકળો સેવાઈ રહી રહી છે. સૂત્રોની માનીએ તો રાજપૂતની ભાજપ સાથેની ડિલ પણ ફાઈનલ થઈ ગઈ હોવાનું ચર્ચામાં છે. માત્ર ભાજપમાં જોડાણની ઔપચારિક જાહેરાત જ બાકી છે. ઉલ્લેખનીય છેકે, કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર અગાઉ ભાજપના મંત્રી શંકર ચૌધરીને હરાવીને વિધાનસભાના સભ્ય બન્યા હતા.

# જે સાંસદોની ટિકિટ કપાઈ તેમની નારાજગી સામે આવી

## બબ્બે ટર્મથી સાંસદ એવા અમદાવાદ પશ્ચિમના સાંસદ ડો. કિરીટ સોલંકીનું પત્તું કપાયા બાદ નારાજગી સામે આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાત ભાજપમાં હાલ એક સાંધો ત્યાં ૧૩ તૂટે એવી સ્થિતિ સર્જાઈ છે. લોકસભાની ચૂંટણી માટે ગુજરાતમાં ટિકિટોની ફાળવણીની સાથે જ ભાજપમાં વિરોધનો સૂર ઉઠવાનો શરૂ થઈ ગયો. એક બાદ એક જે જે વિસ્તારના સાંસદોની ટિકિટ આ વખતે કપાઈ તેમની નારાજગી સામે આવી રહી છે. ગુજરાતમાં સાતમી મેએ લોકસભાની ૨૬ સાથે વિધાનસભાની પેટાચૂંટણી માટે ત્રીજા તબક્કામાં મતદાન થવાનું છે ત્યારે ભાજપે ગુજરાતમાં તમામ બેઠકો પરના ઉમેદવાર જાહેર કરી દીધા છે ત્યારે કેટલાક નેતાઓની ટિકિટ કપાઈ છે તેમની નારાજગી એક બાદ એક સામે આવી રહી છે.

મોટા નામોની વાત કરીએ તો, બબ્બે ટર્મથી સાંસદ એવા અમદાવાદ પશ્ચિમના સાંસદ ડો.કિરીટ સોલંકી, રાજકોટના સાંસદ મોહન કુંડારિયાનું પત્તું કપાયા બાદ કોઈકને કોઈ રીતે તેમની નારાજગી બહાર આવી હતી. એક પ્રકારે ગુજરાતમાં સાબરકાંઠાથી માંડીને પોરબંદર સુધી આંતરિક વિખવાદ ચરમસિમાએ પહોંચ્યો છે. હવે આ યાદીમાં અમરેલીના સાંસદ નારણ કાછડિયાનું નામ પણ સામેલ થયું છે.

ભાજપ હાઈકમાન્ડે નારણ કાછડિયાનું પત્તુ કાપીને અમરેલીમાં ભરત સુતરિયાને ટિકિટ આપી છે. કાછડિયાની પોસ્ટ કોના તરફ ઈશારો કર્યો છે તે સવાલ ઉઠયો છે. ઉલ્લેખનયી છે કે અમરેલીમાં ભાજપના મધ્યસ્થ કાર્યાલયનું મંડપ સંકેલી દેવાયુ છે જેથી તર્ક વિતર્ક વહેતાં થયા છે. ભાજપના ચૂંટણી કાર્યાલયના ઉચાળા ભરાયા છે. બે મહિના પહેલાં ગુજરાતમાં એકસાથે ૨૯ લોકસભા મધ્યસ્થ કાર્યાલય શરૂ કરાયા હતાં તે પૈકીનુ આ ચૂંટણી કાર્યાલય બંધ કરી દેવાતાં સ્થાનિક રાજકારણ ગરમાયુ છે. પત્તું કપાયા બાદ તેમની સોશિયલ મીડિયા પરની પોસ્ટને લીધે કાછડિયા ચર્ચામાં આવ્યાં છે. લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારોના નામોની જાહેરાત થયા બાદ ગુજરાતમાં ભાજપમાં આંતરિક વિખવાદ સખત હવે સપાટી પર આવી ગયો છે.

### મામલતદારે આમરણાંત ઉપવાસ પર બેઠેલા ભક્તોને કરાવ્યા પારણા

। રાજકોટ, તા.૨૯ ।

રાજકોટમાં ધોરાજીના સુપેડી ગામે મુરલી મનોહર મંદિરના વિવાદનો અંત આવ્યો છે. ભક્તોની માગ સ્વીકારવામાં આવતા વિવાદનો અંત આવ્યો છે. મંદિરમાં તમામ સેવા પૂજા અને ધાર્મિક પ્રવુતિઓની છૂટ અને મંદિરનો વહીવટ મહંત રવિદાસ બાપુ મંદિરને પરત સોંપી દેવાયો છે. જિલ્લા ભાજપ પ્રમુખ અલપેશ ઢોલરિયા અને મામલતદાર સહિતનાઓએ મંદિર બહાર આમરણાંત ઉપવાસ પર બેઠેલા ભક્તોને પારણા કરાવ્યા હતા. ઉલ્લેખનિય છે કે મંદિરમાં ૭૦૦ વર્ષથી ચાલતી ધાર્મિક પ્રવુતિઓ અચાનક બંધ કરી દેવાઈ હતી. તો મંદિરનો વહીવટ સરકારી અધિકારી હસ્તક લઈ લેવાયો હતો. જેને લઈને વિવાદ સર્જાયો હતો અને મંદિર પરિસરમાં ભક્તો ઉપવાસ આંદોલન પર ઉતર્યા હતા. જે માગ સ્વીકારવામાં આવતા સમગ્ર વિવાદનો અંત આવ્યો છે. હવે મંદિરમાં તમામ સેવા પૂજા અને ધાર્મિક પ્રવુતિઓ રાબેતા મુજબ ચાલશે.આ સાથે જ મંદિરનો વહીવટ મહંત રવિદાસ બાપુને સોંપવામાં આવ્યો છે.

## ગઝવા-એ-હિંદ માટે જ્યારે અમે નિકળીશું ત્યારે કાફિર નેતાઓને પહેલા ખતમ કરીશું : ઝૈદ હામિદ



। (એજન્સી) પાકિસ્તાન,તા.૨૯ ।

હાલમાં પાકિસ્તાન દ્વારા એક ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે, જેમાં પાકિસ્તાનનો એક કથિત સંરક્ષણ નિષ્ણાત ભારત પર કબજો કરવાની વાત કરી રહ્યો છે. આ ક્લિપમાં, લાલ ટોપી રાજકીય કોમેન્ટેટર ઝૈદ હામિદ કહી રહ્યો છે કે ભારતને કબજે કર્યા બાદ સૌથી પહેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને RSS વડા મોહન ભાગવત તેના નિશાને હશે. પાકિસ્તાન તરફથી માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વિટર (X) પર શેર કરવામાં આવેલ ઓડિયોમાં ઝૈદ હામિદ કહી રહયો છે કે પાકિસ્તાની આર્મી અને ISIના ટાર્ગેટ પર ભારતના મુખ્ય નેતાઓ છે. સૌથી પહેલા તેમને ખતમ કરવામાં આવશે. જોકે, હાલ તો આ ઓડિયો ક્લિપમાં કેટલી સચ્ચાઈ છે.

### ગૃહ મંત્રાલય આવ્યું એક્શન મોડમાં

# વિદેશમાં નોકરી આપવાના બહાને ભારતીય યુવાઓ સાથે છેતરપિંડી

## નિષ્ણાત યુવાનોને નોકરી માટે કંબોડિયા બોલાવાય છે અને ત્યાં તેમને બનાવવામાં આવે છે સાયબર ગુલામીનો શિકાર

। (એજન્સી) રાઉરકેલા, તા.૨૯ ।

ઓડિશાના રાઉરકેલામાં આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ ગેંગ ઝડપાયા બાદ મોટા ખુલાસા સામે આવી રહ્યા છે. એજન્સીઓની તપાસમાં સામે આવ્યું છે કે, ભારતમાંથી શિક્ષિત અને કોમ્પ્યુટર નિષ્ણાત યુવાનોને નોકરી અપાવવાના બહાને કંબોડિયા બોલાવવામાં આવે છે અને ત્યાં તેમને સાયબર ગુલામીનો શિકાર બનાવવામાં આવે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સાયબર વિંગ I4Cએ તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરી ત્યારે મોટા અને ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા. તે પછી MHAને માહિતી આપવામાં આવી હતી અને વિદેશ મંત્રાલય સાથેની ઉચ્ચ સ્તરીય બેઠકમાં સાયબર ફ્રોડ ગેંગ સાથે વ્યવહાર કરવા પર ચર્ચા થઈ હતી. તાજેતરમાં જ ઓડિશાની રાઉરકેલા પોલીસે 'ફેક સ્ટોક ટ્રેડિંગ એપ' સાથે સંકળાયેલા કેટલાક લોકોની ધરપકડ કરી હતી. જે બાદ ખબર પડી કે જે લોકો તાજેતરમાં કંબોડિયાથી ભારત પરત આવ્યા છે તેઓ સાયબર ક્રાઈમમાં




સંડોવાયેલા છે. આવા લોકો ભારતમાં આવીને મોટા પાયે સાયબર ફ્રોડની ગેંગ ઓપરેટ કરવા લાગ્યા છે. સૂત્રોએ જણાવ્યું છે કે ભારતમાંથી કંબોડિયા ગયેલા ૪ થી ૫ હજાર લોકો છે. ત્યાં જઈને તેમને બળજબરીથી સાયબર ફ્રોડમાં ધકેલી દેવામાં આવે છે. સૂત્રોએ એ પણ માહિતી આપી કે આ સંદર્ભમાં MHAની સાયબર વિંગે વિદેશ મંત્રાલયના અધિકારીઓ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક પણ યોજી છે. જેમાં જાણવા મળ્યું છે કે આ પ્રકારની છેતરપિંડી કરનારા ગુનેગારોની લાંબી યાદી છે. આ તરફ હવે આ લોકો સામે પગલાં લેવા માટે ચર્ચા કરવામાં આવી છે. ત્યાંના સાયબર ગુનેગારો કંબોડિયામાં રહેતા આ લોકોને બળજબરીથી 'સાયબર સ્લેવરી' કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેના વિશે તમામ એજન્સીઓએ ચિંતા વ્યક્ત કરી છે અને આ અંગે તાત્કાલિક પગલાં લેવા માટે કહેવામાં આવ્યું છે. સૂત્રો કહી રહ્યા છે કે, સાયબર છેતરપિંડી કરનારાઓ કંબોડિયામાં મોટી ગેંગ ચલાવે છે. આ ગેંગમાં મલેશિયા, ચીન, વિયેતનામ અને મ્યાનમારના લોકો સામેલ છે. આ તમામ લોકો મળીને ભારતીયોને નોકરી આપવાના નામે ઓનલાઈન ભરતી કરે છે. પછી કંબોડિયામાં નોકરી કરવા ગયેલા ભારતીયને સાયબર છેતરપિંડી કરવા દબાણ કરવામાં આવે છે. તાજેતરમાં રાઉરકેલા પોલીસે આવા બે લોકોની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન ખબર પડી કે કેવી રીતે આ લોકો ભારતના નિર્દોષ યુવાનો (કોમ્પ્યુટરના નિષ્ણાતો)ને અહીંથી લઈ જાય છે.

### બસપા ધારાસભ્ય રાજુ પાલ હત્યા કેસ

## ૬ આરોપીને આજીવન કેદ અને એકને ૪ વર્ષની સજા કરાઈ છે

। (એજન્સી) લખનૌ, તા.૨૯ ।

લખનૌની CBI કોર્ટે બસપા ધારાસભ્ય રાજુ પાલની હત્યા કેસમાં તમામ સાત આરોપીઓને દોષિત ઠેરવ્યા છે. પોલીસ કસ્ટડીમાં મૃત્યુ પામેલા અતીક અહેમદ અને અશરફનું પણ રાજુ પાલ હત્યા કેસમાં નામ હતું. કોર્ટે છ આરોપીઓને આજીવન કેદ અને એકને ચાર વર્ષની કેદની સજા ફટકારી છે. હવે બાકીના તમામ ૭ આરોપીઓ આબિદ, ફરહાન, જાવેદ, અબ્દુલ કાવી, ગુલ હસન, ઈસરાર અને રણજીત પાલને દોષિત જાહેર કરવામાં આવ્યા છે. લખનઉની CBI સ્પેશિયલ કોર્ટે રાજુ પાલ હત્યા કેસમાં તમામ આરોપીઓને દોષિત જાહેર કર્યા છે. કોર્ટે છને આજીવન કેદ અને ફરહાનને ચાર વર્ષની સજા ફટકારી છે. ૧૯ વર્ષ પહેલા ૨૫ જાન્યુઆરી ૨૦૦૫ના રોજ પ્રયાગરાજના ધુમનગંજમાં તત્કાલિન બસપા ધારાસભ્ય રાજુ પાલની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. માફિયા અતીક અહેમદના ભાઈ અશરફને વિધાનસભાની ચૂંટણીમાં હરાવ્યા



બાદ રાજકીય દુશ્મનાવટના કારણે રાજુ પાલની હત્યા કરવામાં આવી હતી. અતીક અહેમદ અને અશરફે ગોરખધંધાઓ સાથે મળીને પ્રયાગરાજમાં દિવસે દિવસે રાજુ પાલની ગોળી મારીને હત્યા કરી હતી. વર્ષ ૨૦૦૪માં રાજુ પાલ બસપ ાની ટિકિટ પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તે ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીના ઉમેદવાર અને અતીક અહેમદના ભાઈ અશરફની હાર થઈ હતી. પરિણામોના ૩ મહિનાની અંદર ૨૫ જાન્યુઆરી ૨૦૦૫ના રોજ અતિક ગેંગે રાજુ પાલ પર હુમલો કર્યો. ૨૫ જાન્યુઆરીએ ધારાસભ્ય રાજુ પાલ એસઆરએન હોસ્પિટલથી નીકળી ગયા હતા. તેમના કાફલામાં એક ક્વોલિસ અને એક સ્કોર્પિયો કાર હતી.

## ગાઝા યુદ્ધ દરમિયાન તુર્કીએ ઇઝરાયેલને શસ્ત્રો વેચ્યા હતા : રીપોર્ટ

। (એજન્સી) ગાઝા, તા.૨૯ ।

#ErdoganArmsIsrael છેલ્લા બે દિવસથી સોશિયલ મીડિયા સાઈટ ઠ પર ટ્રેન્ડ કરી રહ્યું છે. પેલેસ્ટાઈન અને મુસ્લિમ વિશ્વના મસીહા ગણાતા તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોઆન પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. તુર્કીના એક ટ્રેડ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે તુર્કીએ યુદ્ધ દરમિયાન ઈઝરાયેલને શસ્ત્રો વેચ્યા હતા. મીડિયા આઉટલેટ 'ધ ક્રેડલ'એ 'ટ્રેન્ડિંગ ઈકોનોમિક્સ'ના અહેવાલને ટાંકીને લખ્યું છે કે જાન્યુઆરીમાં દેશે ઈઝરાયેલને કિંમતી ધાતુઓ, રસાયણો, જંતુનાશકો, પરમાણુ રિએક્ટરના ભાગો, ગનપાઉડર, વિસ્ફોટકો, વિમાનના ભાગો, શસ્ત્રો અને દારૂગોળો સહિતની નિકાસ કરવાની મંજૂરી આપી હતી. આશરે ૩૧૯ મિલિયન ડોલરની કિંમતનો માલ.

### ૨૦૧૫માં ૧૫ ટકા અરજી રિજેક્ટ થતી હતી

## અમેરિકાએ ૩૬ ટકા જેટલી સ્ટુડન્ટ વિઝાની અરજીઓ રિજેક્ટ કરી હતી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકાના સ્ટુડન્ટ વિઝાની ડિમાન્ડ સૌથી વધારે જોવા મળે છે, પરંતુ તેની સામે વિઝા રિજેક્શનનું પ્રમાણ પણ ઉંચું છે. લેટેસ્ટ આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૩માં અમેરિકાએ રેકોર્ડ સંખ્યામાં સ્ટુડન્ટ વિઝાની અરજીઓ ફગાવી છે. આખા વર્ષ દરમિયાન અમેરિકાએ લગભગ ૩૬ ટકા જેટલી અરજીઓ રિજેક્ટ કરી હતી. બાકીના નોન-ઈમિગ્રન્ટ વિઝા અરજીઓની સાથે સરખામણી કરવામાં આવે તો ૨૦૨૧થી ૨૦૨૩ વચ્ચે સ્ટુડન્ટ વિઝાની અરજી રિજેક્ટ કરવાનું પ્રમાણ લગભગ ડબલ હતું. વર્ષ ૨૦૨૦માં કોવિડના કારણે અમેરિકાના સ્ટુડન્ટ વિઝાની સંખ્યા ઘટી ગઈ હતી,




પરંતુ ત્યાર પછી કુલ વિઝા ઈશ્યૂમાં મોટો વધારો થયો છે. છેલ્લા ત્રણ વર્ષથી વિઝા ઈશ્યૂ કરવાનું પ્રમાણ વધતું જાય છે. તેની સામે રિજેક્શન પણ મોટા પ્રમાણમાં વધે છે. અમેરિકાએ ૨૦૧૫માં સૌથી વધારે સ્ટુડન્ટ વિઝા ઈશ્યૂ કર્યા હતા. તે સમયે માત્ર ૧૫ ટકા વિઝા અરજીઓ રિજેક્ટ થતી હતી, પરંતુ હવે ૩૬ ટકાથી વધારે એપ્લિકેશનને રિજેક્ટ કરવામાં આવે છે. કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો ઈન્ટરનેશનલ સ્ટુડન્ટની સંખ્યાને અંકુશમાં રાખવા માટે પ્રયાસ કરે છે જ્યારે અમેરિકા વિદેશી સ્ટુડન્ટને હજુ આકર્ષે છે. પરંતુ અમેરિકાની તકલીફ એ છે કે તેની ઈમિગ્રેશન સિસ્ટમ બહુ આઉટડેટેડ છે અને જમાના સાથે તાલ મિલાવી શકતી નથી. અન્ય દેશોમાં ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૩માં ૩૪ ટકા વિઝા અરજીઓને રિજેક્ટ કરી હતી. યુકેમાં પણ વિઝા રિજેક્શનનું પ્રમાણ ઊંચું છે. અમેરિકાએ લગભગ ૨.૫૩ લાખ વિઝા અરજીઓને નકારી કાઢી છે. તેના કારણે એવી ટીકા કરવામાં આવે છે કે અમેરિકા એક મહત્ત્વની આર્થિક અને સાંસ્કૃતિક તક ચૂકી ગયું છે. જોકે, એક્સપર્ટનું માનવું છે કે અમેરિકાએ આટલા બધા વિઝા રિજેક્ટ કર્યા તેમાં કોઈ આશ્ચર્ય નથી.

### પ્રફુલ્લ પટેલ કેન્દ્રમાં નાગરિક ઉડ્ડયન મંત્રી હતા

## પ્રફુલ્લ પટેલ સામેના કેસમાં CBI-એ દાખલ કર્યો ક્લોઝર રિપોર્ટ

### CBIએ એર ઈન્ડિયા-ઈન્ડિયન એરલાઈન્સ મર્જર કેસમાં પ્રફુલ્લ પટેલ સામે ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

CBIએ NCP નેતા પ્રફુલ પટેલ વિરુદ્ધ ભ્રષ્ટાચારનો કેસ બંધ કરી દીધો છે. મળતી માહિતી મુજબ CBIએ એર ઈન્ડિયા-ઈન્ડિયન એરલાઈન્સ મર્જર કેસમાં તેમની સામે ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે. તમને જણાવી દઈએ કે વિલીનીકરણ સમયે પ્રફુલ્લ પટેલ કેન્દ્રમાં નાગરિક ઉડ્ડયન મંત્રી હતા. નોંધનિય છે કે, ગયા વર્ષે જુલાઈમાં પ્રફુલ્લ પટેલ પણ અજિત પવારની સાથે NDAમાં જોડાયા હતા. શું તમે જાણો છે કે, પ્રફુલ પટેલ સામે કયો કેસ હતો? મનમોહન સરકાર દરમિયાન એર ઈન્ડિયા અને ઈન્ડિયન એરલાઈન્સના વિલીનીકરણ દ્વારા NACIL કંપનીની રચના કરવામાં આવી હતી. કંપની પર એરક્રાફ્ટ લીઝ પર લેવામાં કથિત અનિયમિતતાનો આરોપ હતો અને CBIએ તેની તપાસ કરી હતી. તપાસ એજન્સીએ હવે



ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે કારણ કે તેને કેસમાં કોઈ ગેરરીતિનો કોઈ પુરાવો મળ્યો નથી. અધિકારીઓએ આ માહિતી આપી. સુપ્રીમ કોર્ટના આદેશ પર સીબીઆઈએ ૨૦૧૭માં આ કેસની તપાસ શરૂ કરી હતી. એજન્સીએ તાજેતરમાં સ્પેશિયલ કોર્ટ સમક્ષ ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ખાનગી આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ સાથે સીટ કરાર સહિત એર ઈન્ડિયામાં કથિત અનિયમિતતા સંબંધિત અન્ય કેસ હજુ પણ ચાલુ છે.

### ભારતીય ન્યાયતંત્ર પર સવાલ ઉઠાવવો અયોગ્ય

## હવે UNએ કેજરીવાલની ધરપકડ પર કરી ટિપ્પણી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

હવે યુનાઈટેડ નેશન્સે પણ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને કોંગ્રેસ પાર્ટીનું બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરવાના સવાલ પર ટિપ્પણી કરી છે. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું છે કે તેને આશા છે કે ભારતમાં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં દરેક વ્યક્તિ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં મતદાન કરી શકશે. આ પહેલા જર્મની અને અમેરિકાએ પણ અરવિંદ કેજરીવાલની ધરપકડ પર પ્રતિક્રિયા આપી હતી. જે બાદ ભારતે સખત વાંધો વ્યક્ત કર્યો હતો અને જર્મન અને અમેરિકન રાજદ્વારીઓને બોલાવ્યા હતા. અરવિંદ કેજરીવાલની ધરપકડ અને કોંગ્રેસ પાર્ટીના બેન્ક ખાતાઓ ફ્રીઝ કરવા અંગેના પ્રશ્નોના જવાબમાં યુએનના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસના પ્રવક્તા સ્ટીફન દુજારિકે કહ્યું છે કે અમને આશા છે કે ભારતમાં અન્ય ચૂંટણી હોય તેવા દેશોની જેમ રાજકીય અને નાગરિક અધિકાર સુરક્ષિત રહેશે જેથી તમામ વ્યક્તિ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં મતદાન કરી શકે. અમેરિકાએ દિલ્હીની દારૂની નીતિમાં કૌભાંડના આરોપમાં અરવિંદ કેજરીવાલની ધરપકડ અને ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટીના બેંક ખાતા ફ્રીઝ કરવાના આરોપો પર બે વખત ટિપ્પણી કરી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ પણ સોમવારે કહ્યું હતું કે યુએસ અરવિંદ કેજરીવાલની ધરપકડના અહેવાલ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને ન્યાયી કાયદાકીય પ્રક્રિયાને પ્રોત્સાહન આપે છે. અમેરિકાની આ ટિપ્પણી પર વિદેશ મંત્રાલયે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે ભારતની કાયદાકીય પ્રક્રિયાઓ સ્વતંત્ર ન્યાયતંત્ર પર આધારિત છે જે ઉદ્દેશ્યપૂર્ણ અને સમયસર નિર્ણયો માટે પ્રતિબદ્ધ છે. ભારતીય ન્યાયતંત્ર પર સવાલ ઉઠાવવો અયોગ્ય છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કેજરીવાલની ધરપકડ કરવામાં આવ્યા પછી જર્મનીના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે અમે તેની નોંધ લીધી છે.



ભાજપના ઉમેદવાર અભિનેત્રી કંગના રનૌત શુક્રવારે મંડીમાં લોકસભા ચૂંટણી પહેલા રોડ શો કર્યો હતો.

### ૨૦૨૩માં આંકડો પાંચ વર્ષના તળીયે પહોંચ્યો

## કેનેડામાં MBA માટેનો ભારતીયોનો રસ ઘટ્યો

### ઈન્ટરનેશનલ એમબીએ ડિગ્રી ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડા ચોથો પસંદગીનો દેશ છે

। (એજન્સી) ઓટાવા, તા.૨૯ ।

વર્ષ ૨૦૨૩માં ફક્ત ભારત અને કેનેડા વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં જ ઓટ જોવા નથી મળી પરંતુ આ નોર્થ અમેરિકન દેશમાં ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એજ્યુકેશન (GME) માટે સૌથી ઓછી સંખ્યામાં ઉમેદવારો નોંધાયા છે. જે પાંચ વર્ષમાં સૌથી નીચો આંકડો છે. ઈન્ટરનેશનલ એમબીએ ડિગ્રી ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડા ચોથો પસંદગીનો દેશ છે. નિષ્ણાતોનું કહેવું છે કે ભારતીયો હવે કેનેડામાં એક્સચેન્જ પ્રોગ્રામથી પણ દૂર ભાગે છે. કેનેડામાં નોકરીની તકોની અછત અને ત્યાંની આર્થિક સ્થિતિના કારણે આવું બની રહ્યું છે. જોકે, IIM ઈન્દોરના ડાયરેક્ટર પ્રોફેસર હિમાંશુ રાયે જણાવ્યું છે કે શા માટે ભારતીય વિદ્યાર્થીઓ MBA કરવા કેનેડા જવાનું ઓછું પસંદ કરી રહ્યા છે તે અંગે કોઈ પણ ચોક્કસ કારણ આપવું ઉતાવળીયું ગણાશે. જોકે, આની શરૂઆત ૨૦૨૦થી થઈ હતી. કોવિડ વર્ષમાં ૧૪થી ૧૧ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. ત્યારબાદ તેમાં કોઈ રિકવરી જોવા મળી નથી અને ૨૦૨૩માં તેમાં ૧૦થી છ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. તેનાથી વિપરીત અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા પાસે આવેલા ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એડમિશન કાઉન્સિલ (GMAC)ના 'પ્રોસ્પેક્ટિવ સ્ટુડન્ટ્સ સર્વે ૨૦૨૪ રિપોર્ટ' મુજબ યુએસ, મધ્ય અને દક્ષિણ એશિયા, પશ્ચિમ યુરોપ, પૂર્વ અને દક્ષિણ-પૂર્વ એશિયા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો પણ કોવિડ દરમિયાન પ્રભાવિત થયા હતા, પરંતુ હાલમાં ત્યાં રિકવરી જોવા મળી રહી છે. ક્યુએસ ગ્લોબલ એમબીએ રેંકિંગ્સ ૨૦૨૪ મુજબ કેનેડામાંથી છ બિઝનેસ સ્કૂલ છે જે ટોચના ૧૦૦માં સ્થાન ધરાવે છે અને ફાઈનાન્સિયલ ટાઈમ્સ બિઝનેસ સ્કૂલ રેન્કિંગ (એમબીએ ૨૦૨૪)માં ચાર બિઝનેસ સ્કૂલ સામેલ છે. એક અભ્યાસ મુજબ ૨૦૧૯ની સરખામણીમાં કેનેડામાં અભ્યાસ કરવા માટે ઉમેદવારોની પસંદગીમાં આઠ-ટકા પોઈન્ટનો ઘટાડો થયો છે. અને ભારતીય ઉમેદવારોની મધ્ય અને દક્ષિણ એશિયામાં અભ્યાસ કરવાની પસંદગીમાં આઠ પોઈન્ટનો વધારો થયો છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, આ સર્વે સમગ્ર કેલેન્ડર વર્ષ ૨૦૨૩ દરમિયાન કરવામાં આવ્યો હતો.

### વિઝા નિયમોને કડક કરવાની કવાયત

## પ્રવાસી ભારતીયોની સંખ્યામાં ભારે વધારાથી પરેશાન બ્રિટન



। (એજન્સી) લંડન, તા.૨૯ ।


પ્રવાસી ભારતીયોની સંખ્યામાં ભારે વધારાથી પરેશાન બ્રિટને વિઝા નિયમોને કડક કરવાની કોશિશ કરી છે. નવા નિયમો હેઠળ બ્રિટન જનારા પ્રવાસીઓ પોતાની સાથે પરિવારના કોઈ સભ્યને લઈ જઈ શકશે નહીં. વાત જાણે એમ છે કે છેલ્લા એક વર્ષમાં સાત લાખથી વધુ લોકોએ બ્રિટન તરફ પ્રયાણ કરેલું છે. આ સાથે જ બ્રિટન આવનારા પ્રવાસીઓ માટ સરકાર તરફથી બનાવવામાં આવેલી રવાન્ડા પોલીસીને ત્યાંની સુપ્રીમ કોર્ટે ગેરકાયદેસર ગણાવી છે. ત્યારબાદથી જ સરકાર પર વિજા કાયદાને કડક કરવાનું ભારે દબાણ હતું. ઈમિગ્રેશનને સંખ્યાને ઓછી કરવા માટે બ્રિટન સરકાર તરફથી બનાવવામાં આવેલા નવા નિયમો હેઠળ સ્કિલ્ડ વર્કર્સ માટે ન્યૂનતમ પગાર પેકે પહેલાની સરખામણીમાં લગભગ ૫૦ ટકા વધુ છે. જેના કારણે ભારતીયોને હવે વિઝા લેવા ભારે પડી શકે છે. બ્રિટનમાં હવે આગામી ૪ એપ્રિલથી મિડ લેવલ ટીચર, કેરગિવર્સ, શેફ અને નર્સને સ્કિલ્ડ વર્ક વિઝા માટે ત્યારે જ પ્રવેશ મળશે જ્યારે તેમનો વાર્ષિક પગાર ૪૧ લાખ રૂપિયા પહોંચશે. પહેલા આ પગાર મર્યાદા ૨૭.૫૦ લાખ રૂપિયા હતી. ભારતના સ્કિલ્ડ વર્કર્સ માટે ફેમિલી વિઝા મેળવવા માટે પગાર મર્યાદામાં ૫૬ ટકા જેટલો વધારો ઝીંકાયો છે. અત્રે જણાવવાનું કે અગાઉ બ્રિટનમાં જો ૧૯.૫૦ લાખ રૂપિયા વાર્ષિક કમાણી હોય તો ભારતીય ફેમિલી વિઝા માટે અરજી કરી શકતું હતું પરંતુ હવે આ મર્યાદા વધારીને ૩૦.૫૦ લાખ રૂપિયા કરી દેવાઈ છે. આ નવો નિયમ ૧૧ એપ્રિલથી લાગૂ થવાનો છે. વધુમાં નેશનલ હેલ્થ સ્કિમ હેઠળ નોંધણી કરાવવા માટે ભારતીય સ્કિલ્ડ વિઝા ધારકો માટેની વાર્ષિક ફી જે ૬૫૦૦૦ રૂપિયા હતી તે વધારીને હવે એક લાખ ૧૦ હજાર રૂપિયા કરવામાં આવી છે.

## તંત્રી લેખ...

# આપણે આપણી અપેક્ષા, આગ્રહ અને અહંકારને આપણા નિયંત્રણમાં રાખવા

શરીર અને સંપત્તિ સાથે વર્ષોના સહચર્ય બાદ પણ જો તેના પ્રત્યે આકર્ષણમાં ઘટાડો નથી થતો તો સ્વજનો સાથે ઘનિષ્ઠતા અને પોતાપણાનો ભાવ હોવા બાદ તેમના પ્રત્યે સ્નેહ અને સદ્ભાવને યથાવત રાખવામાં પણ કોઈ પરેશાની ન હોઈ શકે. માત્ર આપણે આપણી અપેક્ષા, આગ્રહ અને અહંકારને આપણા નિયંત્રણમાં રાખવા રહ્યા. આપણે અરીસો ઘરમાં એટલા માટે નથી રાખતા કે એ અરીસા પ્રત્યે આપણને પ્રેમ છે, પરંતુ એટલા માટે રાખીએ છીએ કે તેમાં આપણું પ્રતિબિંબ દેખાય છે. જ્યાં સુધી દર્પણમાં પ્રતિબિંબ દેખાય છે ત્યાં સુધી આપણે તેને ઘરમાં રાખીશું. જે દિવસે તેમાં આપણું પ્રતિબિંબ દેખાતું બંધ થઈ જશે તો તેને બિનઉપયોગી ગણી ફેંકી દઈશું. અરીસાના ભોગ જેવું જ વસ્તુ અને વ્યક્તિ પાછળનો આપણો ભોગ છે. વસ્તુ જ્યાં સુધી આપણા ઉપયોગમાં આવે છે અને વ્યક્તિ જ્યાં સુધી આપણા સ્વાર્થમાં સહાયક બને છે ત્યાં સુધી તે આપણા પ્રેમને પાત્ર બની રહે છે. જે દિવસે આ તત્ત્વોમાં ઘટાડો થશે, એ દિવસે ના તો ઘરમાં વસ્તુ માટે સ્થાન રહેશે કે ના વ્યક્તિ સાથે કોઈ સંબંધ. સ્પષ્ટ છે કે આપણે આપણા સ્વાર્થ સાથે જ મતલબ છે, વસ્તુ કે વ્યક્તિ સાથે નહીં. સ્વાર્થથી ઉત્પન્ન થનારો પ્રેમ આકાશી વીજળીની ચમક અને પાણીના પરપોટા જેવો છે. તેને શાશ્વત માનીને તેને સંભાળવા અને વધારવામાં જીવનની બહુમૂલ્ય પળોને નષ્ટ કરવી નાદાની છે. એક સત્ય એ પણ છે કે વસ્તુ તરફથી પ્રેમની પ્રતિક્રિયામાં દ્વેષ-ભાવ પ્રગટ નથી થતો. જ્યારે વ્યક્તિ તરફથી દ્વેષ ઉપજવાની આશંકા રહે છે. આ જ કારણ છે કે વસ્તુ પ્રત્યે સહજતાથી પ્રેમ ઉત્પન્ન થઈ જાય છે, વ્યક્તિ પ્રત્યે પ્રેમ હોય તો પણ લાંબા સમય સુધી ટકતો નથી. તેમ છતાં, કોઈપણ વસ્તુને ખાતર વ્યક્તિને ક્યારેય નહીં ધિક્કારવા અને વ્યક્તિને ખાતર વસ્તુને છોડવામાં ખચકાવું ન જોઈએ. વસ્તુની કિંમત તેના સમ્યક ઉપભોગમાં સમાયેલી છે, સંગ્રહમાં નહીં. સમય, સત્તા, સંપત્તિ અને શરીર... આ ૪ વસ્તુઓનું ક્યારેય અભિમાન કરવું નહીં. કેમકે આ ચાર વસ્તુમાંથી ક્યારેય કોઈ એક પણ વસ્તુ હંમેશાં કાયમી આપણા સાથે રહેવાના નથી. વિચાર કર્યા ચાર વસ્તુ જ કેમ આચારો એટલા માટે કે માણસને સૌથી વધારે અભિમાન ન આવતું હોય તો આ ચાર વસ્તુ પર જ આવતું હોય. સમય હું બોલવાનું સંપત્તિ બહુ જ પૈસા છે સત્તા મારા પાસે પાવર છે શરીર હું યુવાન છું, આચાર્ય વસ્તુનો અભિમાન એટલું બધું આવતું હોય ને માણસ ને કે માણસ ભૂલી જાય કે ચાર વસ્તુકાયમી માણસ સાથે જિંદગીભર રહેવાની નથી.

## ભારતમાં કૃષિ એ સૌથી વધુ રોજગારીનું સર્જન કરતું ક્ષેત્ર છે, કારણ કે કૃષિ સાથે સંબંધિત ઘણા સંપૂર્ણ સ્વતંત્ર વ્યવસાયો છે



ગરમાળો અને ગુલમહોર બન્ને ગ્રીષ્મ ઋતુના રાજા છે. જ્યાં હોય ત્યાં આ મોસમમાં એ પૂરબહાર ખિલે છે. ગરમી જુદા પ્રકારની છે એનો અનુભવ હવે પ્રજા કરે છે. વધતી જતી ગરમી સામાન્ય માણસ માટે સામાન્ય સમાચાર હોઈ શકે છે, પરંતુ તેને સામાન્ય દ્રષ્ટિકોણથી જોવું એ આવનારા મોટા જોખમોથી વિમુખ થવા જેવું છે. વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએમઓ)નો ડેટા એ વાતનો સાક્ષી છે કે છેલ્લાં દસ વર્ષમાં પૃથ્વીનું તાપમાન સરેરાશ કરતા વધારે રહ્યું છે. આ ચાલુ વરસે પણ તાપમાનમાં નવો એટલે કે વધુ વધારો થવાની ધારણા છે. આ વધતું ઉષ્ણતામાન આ પૃથ્વીના સમગ્ર હવામાન ચક્રને અને સમય જતાં મનુષ્યના જીવન ચક્રને અસર કરશે અને બધું ઊંધુંચત્તુ કરશે. તેને કારણે અમુક જગ્યાએ કમોસમી વરસાદ તો અમુક જગ્યાએ આકરી ગરમી પડવાની શક્યતા છે. વિકાસના નામે સંસાધનોનું શોષણ કરીને વિશ્વ જે રીતે તથાકથિત પ્રગતિ કરી રહ્યું છે તે જોતાં ઈ. સ. ૨૦૫૦ સુધીમાં વિશ્વનું તાપમાન દોઢ ડિગ્રી સેલ્સિયસ વધવાની આશંકા છે. આ પછી આગામી પચાસ વર્ષમાં વિશ્વનું તાપમાન બેથી ચાર ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. ડેટા દર્શાવે છે કે ઔદ્યોગિકીકરણ પહેલાના સમયગાળાની સરખામણીમાં આ વરસે પૃથ્વીનું સરેરાશ તાપમાન ૧.૪૫ ડિગ્રી સેલ્સિયસ વધી ગયું છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે આપણે મનુષ્યો આપણા વ્યવહાર અને વર્તનને એટલી ઝડપથી બદલી શકતા નથી જેટલી ઝડપથી આબોહવા બદલાઈ રહી છે. કદાચ આપણે મનુષ્યો એ સમજી શકતા નથી કે હવામાન આપણા દ્વારા નિર્મિત સીમાઓમાં રહેતું નથી. હવામાનનો સંકેત, હવામાનની ચેતવણી આખી પૃથ્વી માટે છે, એટલે કે આ પૃથ્વી પર જીવતી, ઉછરતી, ખિલી રહેલી દરેક વસ્તુ માટે, ગતિશીલ અને સ્થાવર દરેક વસ્તુ માટે છે. તેથી, પર્યાવરણને લઈને વિશ્વના નેતાઓના વકતૃત્વ કરતાં વધુ પ્રત્યક્ષ રીતે આપણા વર્તનમાં નક્કર ફેરફારોની જરૂર છે. તે ગંભીરતાથી સમજવું પડશે કે જો આબોહવા પરિવર્તનની ગતિ ઝડપી હશે, તો આપણે પણ ઝડપથી આપણા કાર્બન ઉત્સર્જનનાં ધોરણો અને ઉદ્દેશ્યોને ફરીથી સેટ કરવા પડશે. માત્ર કાર્બન ઉત્સર્જન જ નહીં, પરંતુ મિથેન અને નાઈટ્રાઈડ ઓક્સાઈડ પણ નવા પડકારો છે. ચીન પછી ભારત સૌથી વધુ મિથેનનું ઉત્સર્જન કરે છે. તેનું મુખ્ય કારણ આપણું પશુધન છે. પશુધનનું રક્ષણ કરતી વખતે મિથેનને નિયંત્રિત કરવું જરૂરી છે. વિકાસ અને પર્યાવરણીય સંતુલન જેવી બજારવાદી વિભાવનાઓને થોડા સમય માટે રોકવી પડશે, પરંતુ કમનસીબે આ દિશામાં માનવ સમાજની કોઈ નક્કર તૈયારી દેખાતી નથી. આ જ કારણ છે કે છેલ્લાં કેટલાક વર્ષોથી આ દિવસોમાં પૃથ્વી પર ત્રાટકતા ચક્રવાતી તોફાનોની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. ઉત્તરાખંડમાં તબાહીનું દ્રશ્ય કોણ યાદ રાખવાનું ઈચ્છશે? દર વર્ષે કોઈને કોઈ ચક્રવાતી તોફાન પૃથ્વીના કોઈને કોઈ ભાગમાં તબાહી મચાવે છે. તમને યાદ હશે કે ગયા વર્ષે બંગાળની ખાડીમાં આવેલા ચક્રવાતી તોફાન 'મોકા'ના કારણે લગભગ ૧૭ લાખ લોકો બેઘર થયા હતા. કહેવાનો અર્થ એ છે કે વધતા તાપમાનનો ખતરો ભારત જેવા કૃષિપ્રધાન દેશ માટે બાકીના વિશ્વ કરતાં વધુ છે. તેનો પ્રથમ ભોગ આપણા દેશના ખેડૂતો બનવા જઈ રહ્યા છે. ભારતીય ખેડૂતો અને ખેતી પર તેની અસર પહેલેથી જ દેખાઈ રહી છે. હવામાન બદલાઈ રહ્યું છે, પાકનું પરિભ્રમણ બદલાઈ રહ્યું છે, ઉત્પાદન બદલાઈ રહ્યું છે.

**શુદ્ધ વ્યવહારને ભક્તિ કહે છે, જેના વ્યવહારમાં દંભ છે, અભિમાન છે,એને ભક્તિમાં આનંદ આવતો નથી**

# ભગવાન દુષ્ટોને માટે ભયકારક અને ભયરૂપ છે, જ્યારે ભક્તો માટે ભક્તોના ભયનું હરણ કરવાવાળા છે, ભયનાશક છે..



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**માનો કે ભક્તિ મંદિરમાં જ થઈ શકે છે, ભક્તિ સર્વત્ર થઈ શકે છે, ઈશ્વરથી વિભક્તિ ન થાય, અલગ ન થાય અને વ્યવહાર કરે, તો તેના પ્રત્યેક વ્યવહાર ભક્તિ છે, ગ્રાહકમાં ઈશ્વર છે એવું વેપારી સમજે તો વેપાર એ પણ ભક્તિ છે**

મન મલિન છે, તે મોટા મોટા સાધુ ઓને પણ ત્રાસ આપે છે. મન ચંચળ છે.વિક્ષેપ, આવરણ વગેરે થી એ કલુષિત થયેલું છે. ડહોળાયેલા કે મમલન જળમાં પ્રતિબિંબ દેખાતું નથી, તેમ શેવાળ વાળા જળમાં પણ પ્રતિબિંબ દેખાતું નથી. તેવી રીતે મિલન, ચંચળ તથા આવરણયુક્ત મનમાં પરમાત્માનું પ્રતિબિંબ દેખાતું નથી. માટે કોઈ સંતને શરણે જાવ. કોઈ ગુરુને શરણે જાવ.નૃસિંહ સ્વામી એ ગુરુ ગુરુ બોલીને જગતને બોધ આપ્યો છે કે, સદગુરુની કૃપા વગર મારો સાક્ષાત્કાર થતો નથી. નામદેવને પણ ગુરુ વગર જ્ઞાન ન થયેલું. આજકાલ લોકો પુસ્તકો વાંચીને પથારીમાં પડયા પડ્યા જ્ઞાની બની જાય છે. કહે છે કે, ગુરુની જરૂર નહીં, બ્રહ્મચર્ય પાળવાની જરૂર નહીં, મૌન રાખવાની જરૂર નહીં, સંતસેવા કરવાની જરૂર નહીં, સદાચાર પાળવાની પણ જરૂર નહીં. પુસ્તકમાંથી ચાર વચન ગોખી નાખ્યા એટલે પાર! એક વખત મહારાષ્ટ્રમાં સંત ભક્તોની મંડળી મળી હતી. મુક્તાબાઈએ ગોરા કુંભારને ભક્તમંડળીના ભક્તોની ત્યાં પરીક્ષા કરવા કહ્યું. નામદેવને અભિમાન થયું કે, ભગવાન મારી સાથે વાતો કરે છે, પછી મારામાં શું ખામી છે? હું જ શ્રેષ્ઠ છું. ગોરા કુંભાર બધાને માથામાં ટપલી મારી પરીક્ષા કરે છે.તેમણે નામદેવને માથા ઉપર ટપલી મારી. નામદેવે મોઢું સહેજ બગાડયું. ગોરા કુંભારે આમ તમામ સંત ભક્તોનાં માથાં પર ટપલીઓ મારી પણ નામદેવ સિવાય કોઈએ મોં બગાડયું નહીં. છેલ્લે ગોરા કુંભારે સભામાં નિર્ણય જાહેર કર્યો કે, બધાનાં હાંડલાં પાકાં છે, એક આ નામદેવનું હાંડલું કાચું છે. પછી નામદેવ કહે, તમારું હાંડલું પાક્યું નથી. તમને શિક્ષણની જરૂર છે. તે પછી નામદેવજી વિઠ્ઠલનાથ પાસે ગયા ને કહે છે કે, ગોરાકુંભાર મને આમ કહે છે. માથામાં ટપલી મારીને કુંભારના હાંડલાં પેઠે માણસની પરીક્ષા થતી હશે? મુક્તાબાઈની પણ ભૂલ કહેવાય! ત્યારે વિઠ્ઠલનાથે કહ્યું,ના, મુક્તા બાઈની ભૂલ નથી અને ગોરા કુંભાર જો કહેતાં હોય કે તારું હાંડલું કાચું છે, તો જરૂર એ કાચું છે. તું ભલે માને કે તું સંપૂર્ણ છે, પણ નામદેવ, તને હજુ વ્યાપક બ્રહ્મના સ્વરૂપનો અનુભવ થયો નથી, કારણ કે તેં હજુ સદગુરુ કર્યા નથી. તે માટે મંગળવેઢામાં મારા એક ભક્ત વિસોબા ખેચર રહે છે તેમની પાસે તું જા,તે જ્ઞાન આપશે. તે પછી નામદેવ વિસોબા ખેચરને ત્યાં જાય છે. તે વખતે વિસોબા શિવના મંદિરમાં હતા. નામદેવ ત્યાં ગયા.ત્યાં જઈને જોયું તો વિસોબા ખેચર શિવના લિંગ ઉપર પગ મૂકી ને સૂતેલા હતા. વિસોબાને જાણ થઈ ગયેલી કે,નામદેવ આવે છે. તેથી તેમણે શિક્ષણ આપવા પોતાના પગ શંકરના લિંગ ઉપર રાખીને સૂતા હતા. નામદેવે આ દશ્ય જોયું. નામદેવને થયું, આવો અવિવેકી પુરુષ,જે ભગવાનની પણ આમાન્યા રાખતો નથી તે મને શું શિક્ષા આપવાનો હતો? નામદેશ પરસા બાને તેમના પગ શિવલિંગ ઉપરથી લઈ લેવા કહ્યું ત્યારે વિસોબા ખેચર કહે છે કે, તુંજ માણ પગ શિવલિંગ ઉપરથી ઉઠાવીને કોઈ એવી જગ્યાએ મૂક કે, જ્યાં શંકર ન હોય. નામદેવ જયાં પગ મૂકવા જાય ત્યાં શિવ લિંગ પ્રગટે.આખું મંદિર શિવલિંગ થી ભરાઈ ગયું. ચારે બાજુ શિવજી નામદેવને આશ્ચર્ય થયું કે આ શું? એટલે વિસોબાએ નામદેવને કહ્યું કે,ગોરાકાકાએ કહેવું કે, તારી હાંડલી હજુ કાચી છે તે સાચું છે. તને હજુ સર્વ જગ્યાએ ઈશ્વર દેખાતા નથી. ઈશ્વર વિશ્વમાં સર્વ જગ્યાએ સૂક્ષ્મ રીતે રહેલા છે. ઈશ્વરને તું સર્વમાં નિહાળ! 'પતી ગયું કાચી હાંડલી પાકી થઈ ગઈ. ગુરુના એક જ ટકોરાથી.'ભક્તિને જ્ઞાનનો સાથ મળ્યો એટલે નામદેવને સર્વમાં સર્વ જગ્યાએ હવે વિઠ્ઠલ દેખાવા લાગ્યા. પાછાં ફરતાં રસ્તામાં નામદેવ જમવા માટે એક વૃક્ષ નીચે બેઠા. ત્યાં એક કૂતરો આવી તેનો રોટલો લઈને નાસવા લાગ્યો.આજે નામ દેવને કૂતરામાં પણ વિઠ્ઠલ દેખાયા. રોટલો કોરો હતો. નામદેવ ઘીની વાટકી લઈ કૂતરા પાછળ બૂમો પાડતા બોલ્યા, વિઠ્ઠલ, ઊભા રહે, ઊભા રહે! રોટલો કોરો છે, તેમાં ઘી ચોપડી આપું? હાંડલી પાકી થઈ હતી ને! જો ગુરુ પોતે સંસારના વિષયોમાં ફસાયેલા હોય તો તે તમને સંસારબંધનમાંથી છોડાવી શકશે નહીં. ઈશ્વર સર્વત્ર છે, એમ જો મનુષ્ય માનવા લાગે,તો પછી પાપકરવાની એને કોઈ જગ્યા જ નહીં મળે. તો પાપીને કામ કરવાનો પ્રસંગ જ ન આવે. હિરણ્યકશિપુનો સંહાર કર્યો, તેમ છતાં નૃસિંહ સ્વામીનો ક્રોધ શાંત થતો નથી. નૃસિંહ સ્વામી નું ઉગ્ર સ્વરૂપ જોઈ ત્રણે લોક ભયભીત થયા. તેમની પાસે જવા માટે કોઈ ની હિંમત ચાલતી નથી. બ્રહ્માજીએ સ્તુતિ કરી, શાંત થાવ, શાંત થાવ. પણ કોણ સાંભળે? છેવટે નૃસિંહ સ્વામીનો ક્રોધ શાંત કરવા દેવોએ લક્ષ્મીજીને નૃસિંહ ભગવાન પાસે મોકલ્યાં. લક્ષ્મીજીને એમ કે એ તો મારા ઘરવાળા છે! હું પાસે જઈશ એટલે શાંત થઈ જશે. આજે અભિમાનથી લક્ષ્મીજી આવ્યાં છે, પણ નૃસિંહ સ્વામી તો એમને પણ ઓળખતા નથી. દિન થઈને આવે તો પ્રભુ સ્વીકાર કરે. ત્યારેબ્રહ્માજી એ પ્રહ્લાદને કહ્યું, બેટા, તારા પિતા ઉપર કોપાયમાન થયેલા ભગવાનને તું શાંત કર! ભગવાન આજે તારા કાજે પ્રગટ્યા છે, માટે તું પાસે જઈશ તો તેઓ શાંત થઈ જશે. પ્રહલાદ ભગવાન પાસે ગયા. બે હાથ જોડી ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કરે છે. ત્યાં એને જોઈ પ્રભુના હૃદયમાં આનંદ ઊભરાયો. એકદમ પ્રહલાદને ઊઠાવીને ગોદમાં લીધો અને વાત્સલ્યભાવે તેનું શરીર ચાટવા લાગ્યા.પરમાત્માને પ્રસન્ન કરવા માટે શુદ્ધ પ્રેમ જ જરૂરનો છે. જ્ઞાન વગેરેની મહત્તા ઓછી છે. શબ્દજ્ઞાનની જરૂર નથી. શબ્દજ્ઞાન તો ઊલટું ઘણીવાર પ્રભુનું ભજન કરવામાં વિઘ્નરૂપ થાય છે. હિરણ્યકશિપુ જેવા માટે ભગવાન ભયંકર અને કઠોર છે. પ્રહલાદ જેવા માટે તે કમળ જેવા કોમળ છે એટલે તો વિષ્ણુસહસ્ત્રનામમાં પણ ભગવાન ને ભયકારક અને સાથોસાથ ભયનાશક કહયા છે ભગવાન દુષ્ટોને માટે ભયકારક અને ભયરૂપ છે. જ્યારે ભક્તો માટે ભક્તોના ભયનું હરણ કરવાવાળા છે, ભયનાશક છે. નૃસિંહ સ્વામી પ્રહલાદને કહે છે, તારી વહારે ધાવા મને વિલંબ થયો તે માટે તારી માફી માગું છું. પ્રહલાદની ભક્તિ કેટલી દિવ્ય કે આજે પ્રભુ તેની માફી માગે છે! પછી ગાય વાછરડાને ચાટે તેમ અતિપ્રેમમાં નૃસિંહસ્વામી પ્રહલાદ ને ચાટવા લાગ્યા. જેમ ચાટે તેમ તેમનો ક્રોધ ઓછો થતો જાય છે. પ્રહલાદ એ સત્ત્વગુણ છે. હિરણ્ય કશિપ ુએ તમોગુણ છે. તમોગુણ અને સત્ત્વગુણ એ બંનેનું આ યુદ્ધ છે.તેમાં ભગવાન પ્રહલાદનો સત્ત્વગુણનો પક્ષ કરે છે. શુદ્ધ સત્ત્વગુણ આગળ તમોગુણનો નાશ થાય છે. પ્રહલાદનું વચન સત્ય કરવા માટે અને જગતમાં હું સર્વ ઠેકાણે રહેલો છું, એ પોતાનીસર્વવ્યાપકતા સિદ્ધ કરવા સ્તંભમાંથી નૃસિંહ સ્વામી પ્રગટ થયા છે.ઈશ્વર સર્વ વ્યાપક છે એ જાણે બધા, અનુભવે છે કોઈક. દૂધમાં માખણ દેખાતું નથી, પણ દૂધના અણુ- પરમાણુમાં માખણ રહેલું છે,તેમ જગતના પ્રત્યેક સ્થૂળ -સૂક્ષ્મ પદાર્થમાં ઈશ્વર રહેલા છે. ઈશ્વર અણુઅણુમાં છે અને મોટામાં મોટો છે.તેનો અભાવ કોઈ ઠેકાણે નથી, એટલે તે વ્યાપક છે. સર્વમાં ઈશ્વર બિરાજેલા છે એવું મનુષ્ય સમજે તો જીવનમાં દિવ્યતા આવે.માટે સર્વમાં ઈશ્વરને નિહાળો. માતૃ દેવો ભવ, પિતૃદેવો ભવ અને અંતમાં પરસ્પર દેવો ભવ. પરસ્પરમાં ઈશ્વરને જુઓ. લોકો એકબીજાને મળે ત્યારે રામ રામ કહે છે. એટલે કે તમારામાં રામ છે, મારામાં રામ છે. હું રામ છું,તું રામ છે!વરકન્યા લગ્ન કરીને આવે છે,ત્યારે કન્યાને લક્ષ્મી ની ભાવનાથી પૂજવામાં આવે છે. કન્યા એ લક્ષ્મી અને વર એ નારાયણ. આજે મારા ઘરે લક્ષ્મીનારાયણ આવ્યાં છે.આ ભાવ કાયમ માટે ટકે તો ઘર વૈકુંઠ બની જાય. છે એમ જાણી તે પ્રમાણે વ્યવહાર કરવો જોઈએ. ભગવાને ચંદન, પુષ્પ અર્પણ કર્યા તેટલી જ કાંઈ પરંતુ ઈશ્વર સર્વ વ્યાપક છે,સર્વમાં છે એમ જાણવા થી વિશેષ લાભ નથી, પણ ઈશ્વર સર્વમાં છે એમ જાણી તે પ્રમાણે વ્યવહાર કરવો જોઈએ ભગવાને ચંદન પુષ્પ અર્પણ કર્યા તેટલી જ કાંઈ ભક્તિ નથી ભક્તિ એટલે શું સર્વમાં ભાગવત ભાવ રાખો એ ભક્તિ છે મૂર્તિમાં જેવો ભાગવત ભાવ રાખો છો તેવો સર્વત્ર રાખો. ઈશ્વર સર્વમાં બિરાજેલા છે એવો જે અનુભવ કરે છે તેનું જીવન ધન્ય છે.

**અહંકાર શૂન્યતા કંઈ રીતે પ્રાપ્ત થાય! એનાં જવાબમાં કહ્યું કે શરણાગતિ અને કૃપા વગર અહંકાર શૂન્ય થવાતું નથી**

# સેતુનો વિચાર વૈશ્વિક વિચાર છે અને વિશ્વમાં રામ કૃષ્ણ અને શિવ એ ત્રણે અવતાર એ સેતું નિર્માણ કર્યા છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પૂર્ણાંકમાં રામનામ મહિમા ગાન કર્યું, કેમ કે કળયુગ કેવળ હરિનામ ગુણગાનનો છે. ગણેશ વાલ્મીકિ ભવાની અને સ્વયં ભગવાન શિવે રામનામથી કાલકૂટ વિષ કંઠમાં રાખી શક્યા,રામનામ આપણી જડમતિને ચૈતન્ય બક્ષે છે**

રામેશ્વરની માનસસેતુની બીજા દિવસની કથાનો આરંભ કરતા પૂજ્ય બાપુએ કહ્યું કે સેતુ શબ્દ કે જે કેન્દ્રમાં છે, એના ઘણા અર્થો દર્શાવવામાં આવ્યા છે. અહીં ઘણાં સેતું નિર્મિત થયા છે, પણ સૌથી મોટો જો કોઈ સેતુ હોય તો એ રામ અને રાવણનું મિલન છે. યુદ્ધના મેદાનમાં વળી મિલન ક્યાંથી? એવું પણ આપ કહી શકો! યુદ્ધમાં તો બંને સામસામા આવ્યા છે, યુદ્ધએ સેતુભંગ કરનારી ક્રિયા છે, એ સમન્વય અને સમજૂતી તોડે છે. એ સાચે જ ભિન્ન સેતુ યોગ છે, પરંતુ સૌથી મોટો સેતુ કોઈ થયો હોય, અને એના કેન્દ્રમાં શિવ તત્વ છે. એટલા માટે રામ અને રાવણ વચ્ચે સેતુ થયો છે. ભારત અને લંકા વચ્ચે સેતુ થયો છે, એ જાતિ પ્રજાતિમાં આપણે ન જઈએ, પરંતુ ઈતિહાસ કહે છે કે, આર્ય અને અનાર્ય વચ્ચે સેતુ થયો છે. રાવણ આખી જિંદગીમાં રામને મળ્યો નથી, સીતાના અપરણની યોજના વખતે પણ પંચવટીમાં સીતા સાથે જ મુલાકાત થઈ છે, સીતા સાથે વાર્તાલાપ થયો છે, દુર્વાદ થયો છે, પરંતુ રામ સાથે મુલાકાત નથી થઈ. યુદ્ધના મેદાનમાં મુલાકાત થઈ, પરંતુ એ જુદી ઘટના છે. નિર્વાણ વખતે રાવણનું તેજ ભગવાન રામના મુખમાં સમાઈ ગયું, એ એક આધ્યાત્મિક મિલન છે, કે અસુરનું તેજ પ્રભુના ચહેરામાં સમાવિષ્ટ થઈ ગયું, અને એવી રીતે મળી ગયું કે, હવે ક્યારેય જુદું નહીં થાય! પણ સેતુબંધ એક એવો પ્રસંગ છે, જ્યાં રામ અને રાવણ બંનેના કેન્દ્રમાં ભગવાન રામેશ્વર એટલે કે શિવ છે. મહર્ષિ કમ્બનું રામાયણ અને એની કથા મેં ક્યારેક રામેશ્વરની કથામાં કહી હશે, અથવા તો ક્યાંક ક્યાંક એનો સંદર્ભ લીધો હશે. મહર્ષિ કમ્બ રામાયણમાં મોટેભાગે વાલ્મિકીનો આશરે લેવામાં આવ્યો છે, પરંતુ એમાં કમ્બ થોડી હટકે વાતો કરે છે. એમણે લખ્યું છે કે સેતુબંધ થઈ ગયો પછી ભગવાન કહે છે કે, આ પરમ્રમ્ય અને ઉત્તમ ધરણી છે અહીં ભગવાન શિવની સ્થાપના કરવી જોઈએ. વાલ્મિકી રામાયણમાં તો સેતુ બનાવવા માટે ક્યાં ક્યાં ઉપકરણોનો પ્રયોગ થયો હતો, અને કેટલા કેટલા પહાડો અને પથ્થરો કે શીલાઓ નાખવામાં આવ્યા ત્યારે આ સુંદર સેતું બન્યો. વાલ્મિકી રામાયણમાં શિવ સ્થાપનાની વાત સ્પષ્ટપ ણે નથી, સેતુ બન્યો અને યુદ્ધ માટે પ્રસ્થાન કર્યું બસ. ભગવાન રામની ઈચ્છાથી શિવની સ્થાપનાનો નિર્ણય થયો વિભીષણ અને જામવંતની સલાહથી આચાર્ય કોણ બનશે? એ નક્કી થયું. ભગવાન રામ ધર્મસેતુ છે, માટે વિધિ વિધાન અનુસાર જ અહીં ભગવાનની સ્થાપના કરવાની હતી. મહર્ષિ કમ્બ આચાર્યના રૂપ માં રાવણનાં જે લક્ષણો દર્શાવે છે, રાવણની આરતી ઉતારવી પડે એવા સુંદર લક્ષણો દર્શાવાયા છે. બુદ્ધિના આઠ પ્રકાર છે, એ આઠે પ્રકારની બુદ્ધિ રાવણમાં છે. એ બધામાં નથી હોતી, તો બુદ્ધિના આઠ લક્ષણો જરા જોઈએ! (૧) સારું સાંભળવાની ઈચ્છા જન્મે એ બુદ્ધિનું પહેલું લક્ષણ છે. અષ્ટાંગ બુદ્ધિનું પહેલું લક્ષણ શુભ વાર્તા સાંભળવાની ઈચ્છાનું પ્રગટીકરણ, અને એ લગભગ બધામાં હોય છે. (૨) શ્રવણ કરવું બંને વસ્તુ જુદી છે, કોઈને સાંભળવા માત્ર આપણે જ બકબક ન કરવી! અથવા તો આપણી રુચિ અનુસાર સ્થાન ન મળે તો સાંભળવામાં રસ પણ ન પડે. પહેલા દિવસની કથામાં ગણાવેલા ચાર વ્રતમાં આગળ બીજા વ્રત જોડી ૧૧ પૂર્ણ કર્યા. ૫) મહોબ્બત વ્રત ૬) મોજમાં રહેવું,(૭) મર્યાદા વ્રત (૮) આઠમું મૈત્રી વ્રત (૯) માનસ વ્રત (૧૦) મૌલિક વ્રત અને (૧૧) મહાદેવ વ્રત. (૩) ત્રીજું લક્ષણ જાનકીજીએ બતાવ્યું ચૂંટવું અથવા ચુનવું કે પકડી લેવું. જે સૂત્ર આપ ણને યોગ્ય લાગે તેને પકડી લેવું, અને નિષ્ઠાપૂર્વક એનું જતન કરવુ. (૪) જે પકડી લીધું છે, પછી એને ક્યારેય છોડવું નહીં. એટલે કે આજીવન એ સૂત્ર આત્મસાત કરી જીવવું.(૫) જે સૂત્રને પકડ્યું છે એને તર્ક-વિતર્ક કરી સાચું પ્રતિપ ાદિત કરવું (૬) પકડેલું સૂત્ર જો પ્રતિપાદ થઈ શક્યું હોય, પછી સાચું છે એવી ખાતરી કરવી ( ૭) પછી એના પર પ્રયોગ કરવો (૮) બુદ્ધિને વૈજ્ઞાનિક કરવી નિર્ણય પાકો કરવો. માણસ પ્રયોગ કરે જ્ઞાનરૂપે વિજ્ઞાનના અર્થોમાં અને સિદ્ધ કરે, એ ગુણોને સંગ્રહ કરીને રાખે અને જ્યારે મોકો મળે ત્યારે તેનો સદુપયોગ કરે. હે હનુમાન! આઠે પ્રકારની બુદ્ધિનો તું માલિક છે,બુદ્ધિમતાં વરિષ્ઠ. રાવણમાં આઠે પ્રકારની બુદ્ધિના લક્ષણો જોવા મળે છે, માટે આચાર્ય તરીકે રાવણની પસંદગી કરવામાં આવી, અને ભેટ લઈને જામવંત રાવણને નિમંત્રણ આપવા માટે જાય છે. રાવણ એના નિમંત્રણનો સ્વીકાર કરે છે, અને પુષ્પક વિમાનમાં પંડિતો સાથે આવે છે. લક્ષ્મણ અને હનુમાનજી તેનું સ્વાગત કરવા જાય છે, ત્યારે રાવણના અદભુત રૂપનું વર્ણન મહર્ષિ કંમ્બે કર્યું છે. રાવણ આજે ભદ્રરૂપ ધારણ કરી પધાર્યા છે, રામ પણ દશરથાત્મજ આપને પ્રણામ કરે છે, આપ આસન ગ્રહણ કરો. રાવણને ખબર છે કે રામ અત્યારે તપસ્વી છે, અને એની પાસે કોઈ પૂજાની સામગ્રી નહીં હોય, એટલે એ લંકાથી સામગ્રી લઈને આવે છે. શીલ તો જુઓ સાહેબ સપત્ની પૂજા કરવાની હોવાથી, પુષ્પક વિમાનમાં મર્યાદાથી સીતાને પણ બોલાવી! હનુમાનજી કૈલાશમાં શિવલિંગ લેવા ગયા પરંતુ મોડું થતાં, રાવણે જાનકીજી પાસે રેતીમાંથી જ શિવલિંગ બનાવ્યું, અને મંત્રોચ્ચાર કરી તેને સ્થિર બનાવ્યું. તો આ છે રામ રાવણનો સેતુ જેમાં બંને જણાં જાણતાં હતાં કે બંને દુશ્મન છે, અને યુદ્ધ અનિવાર્ય છે, છતાં પ્રસંગની ગરિમા જાળવી. ભગવાન રામે રાવણને જ્યારે દક્ષિણાની વાત કરી ત્યારે રાવણે કહ્યું કે પહેલા મારો આશીર્વાદ તો સાંભળી લો. જે કામ માટે આપે શિવની સ્થાપના કરી છે, અને આપ લંકા પધારશો ત્યારે આપનો લંકા આવવાનો જે હેતુ છે, એ પરિપૂર્ણ થાય, એ સિદ્ધ થાય!: એટલે કે ખુદનું નિર્વાણ માંગી લીધું, દક્ષિણામાં આપ મને એટલું જ આપો કે મારા મનમાં જે ઈચ્છા છે, એ મેદાનમાં પૂરી કરી દેશો! એટલે કે ઉપર આપણે જે તેજની વાત કરી હતી, તે રાવણનું તેજ રામના ચહેરામાં સમાઈ જાય એવી દક્ષિણા માંગી. હજી પણ એ શીલવંતનું શીલ જુઓ એમણે લંકા ગમન વખતે પુષ્પક વિમાનમાં જાનકીજીને પ્રથમ મોકલ્યાં, અને બાદમાં તે ગયો. આ ઉપરથી કહી શકાય કે માનસ સેતું, જે જોડનારી કથા છે, યોગની કથા છે, મિલનની કથા છે, આજના સમયમાં આ ખૂબ જ જરૂરી છે. માનસના બાલકાંડમાં તુલસીદાસજી એક નૃપસેતુનો ઉલ્લેખ કર્યો છે જેમાં રાજાઓ લાંબી લાંબી નદી પર સેતુંનું નિર્માણ કરતાં અને જેને કારણે નાની એવી કીડીથી માંડીને ગજરાજ સુધીના પોતાની ક્ષમતા મુજબ ગતિ કરે છે, એટલે કે સામાન્ય માણસ અને વીઆઈપી પણ પસાર થાય છે. સેતુનો વિચાર વૈશ્વિક વિચાર છે, અને વિશ્વમાં રામ કૃષ્ણ અને શિવ એ ત્રણે અવતાર એ સેતું નિર્માણ કર્યા છે. શિવ અજન્મા છે, પણ એ કાર્ય થયું છે. રામાવતારમાં તો સેતું નિર્માણ થયું છે આ ઉપરાંત માનસમાં લખ્યું છે કે નાથ નામ તવ સેતુ, તમારું નામ જ સેતુ છે, બધાને જોડે છે.

# થાક અને આળસ થઇ જશે પળમાં દૂર



થાક લાગવો એક સામાન્ય લક્ષણ છે, પરંતુ એને અવગણવાની ભૂલ આપણે ન કરવી જોઈએ. ઘણી વાર રૂટીન બદલાઈ જાય, રોજિંદાં કામ કરતાં ઘણું વધારે કામ ઈ જાય, ટ્રાવેલિંગ વધી જાય ત્યારે માણસ થાકી જાય એ વાત જુદી છે, પરંતુ ઘણી એવી વ્યક્તિઓ છે જે લગભગ થાકેલી જ જોવા મળે છે અવા તો થોડુંક કામ વધી જાય તો તરત જ થાકી જાય છે. ક્યારેક કોઈ એવી વ્યક્તિ પણ હોય છે જે વગર કોઈ કારણે થાક અનુભવતી હોય છે. આ બધી જ પરીસ્થીઓ સૂચવે છે કે શરીરમાં કોઈ પ્રોબ્લેમ છે. આપણે સમજ્યું કે થાક એક પ્રામિક લક્ષણ છે. શરીરના કોઈ પણ ભાગમાં કોઈ પણ પ્રકારનો પ્રોબ્લેમ સર્જાય ત્યારે શરીરને એ ઠીક કરવા માટે વધુ કાર્યરત વું પડે છે જેને લીધે આપણને થાક લાગે છે. વગર કારણનો થાક કે પછી આરામ કરવા છતાં ન ઊતરતો થાક ખતરાનું નિશાન છે અને સૂચક છે કે તમને જરૂર છે મેડિકલ હેલ્પની. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) આજે આપણે વિસ્તારી જાણીશું કે કયા-કયા રોગોનું પ્રામિક લક્ષણ થાક હોઈ શકે છે અને એ માટે શું કરવું જોઈએ. આજકાલની ખોટી આદતોને કારણે વ્યક્તિના શરીરમાં કયા રોગો ઘર કરી જાય ખબર જ નથી પડતી, એમાં સૌથી વધારે સતાવતી સમસ્યા છે થાક. કેટલાક લોકો આખો દિવસ ઊંઘમાં રહે છે, જેનું કારણ શરીરમાં યોગ્ય પોષક તત્ત્વોનો અભાવ છે. તેથી ભોજનમાં એવી કેટલીક વસ્તુઓનો સમાવેશ કરવો જોઈએ જે શરીરને યોગ્ય પોષણ પૂરૂ પાડે અને આળસ દૂર કરે. આજની ભાગદોડથી ભરેલી લાઈફસ્ટાઈલમાં વ્યક્તિ કામના વધુ પડતા દબાણ, માનસિક તાણ, ટેન્શનના પરિણામે થાકી જાય છે. જેનો ઉકેલ મેળવવા માટે વ્યક્તિએ શરીરને સક્રિય રાખવું જરૂરી છે. અમે એવા કેટલાક ખાદ્ય પદાર્થો વિશે માહિતી લાવ્યા છીએ. જે શરીરને યોગ્ય પોષક તત્ત્વો આપશે.

# માઇગ્રેનના લક્ષણો જાણો અને દુખાવો ઉપડે ત્યારે દવા નહીં, આ ઉપાયોથી રાહત મેળવો

આધાશીશી એ માથાનો દુખાવો છે જે મગજની અંદરના વિશિષ્ટ ફેરફારોનું પરિણામ છે. આધાશીશી માથાનો દુખાવો પેદા કરી શકે છે જે ઘણી વખત પ્રકાશ, અવાજ અથવા કોઈ પણ પ્રકારની ગંધ દ્વારા સંવેદનશીલતા સાથે હોય છે. જો કે, તમામ પ્રકારના માથાનો દુખાવો આધાશીશી માથાનો દુખાવો તરીકે વર્ણવી શકાય નહીં. આધાશીશી માથાનો દુખાવો વારંવાર ઉબકા અને પ્રકાશ સંવેદનશીલતા સાથે આવે છે. અન્ય સંવેદનાત્મક ચેતવણીઓમાં પ્રકાશ, આંધળા ફોલ્લીઓ અને ઉલટી થવી હોઈ શકે છે. આધાશીશીને લીધે થતું દુખાવો કેટલાક કલાકો અને અમુક દિવસો સુધી ચાલે છે. મગજમાં ચેતા સંકેતો અને લોહીના પ્રવાહમાં અસ્થાયી ફેરફાર થતાં અસામાન્ય પ્રવૃત્તિને કારણે આધાશીશી થઈ શકે છે. જો કે, તેના માટેનું ચોક્કસ કારણ હજી અજત છે. ત્યાં ઘણા પરિબળો છે જે આધાશીશી માથાનો દુખાવો ફાળો આપે છે અથવા ટ્રિગર કરે છે. આમાંના કેટલાકમાં એલર્જી, થાક અને થાક, ઊંઘનો અભાવ, ધૂમ્રપાન, કોઈપણ પ્રકારનો તાણ, ભોજન છોડવું, નિર્જલીકરણ, આલ્કોહોલ અને અમુક પ્રકારની દવાઓ અને દવાઓનો



સમાવેશ થાય છે. માથાનો દુખાવો સિવાય, આધાશીશીના અન્ય લક્ષણોમાં ધબકારા અને ધબકારા આવે છે. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) તમારું માથું, કોઈ પણ પ્રવૃત્તિ દરમ્યાન પીડા વધારવું, માથાના એક તરફ મર્યાદિત દુખાવો, પ્રકાશ પ્રત્યે સંવેદનશીલતા અને ક્યારેક તાપમાનમાં પરિવર્તન પણ આવે છે. માઈગ્રેઈન્સ બાળપણ,કિશોરાવસ્થાઅથવાપ્રારંભિકબાળપણ દરમિયાન શરૂ થાય છે. કેટલાક સામાન્ય જોખમ પરિબળો કે જે તમને આધાશીશી થવાની સંભાવના બનાવે છે તેમાં કૌટુંબિક ઈતિહાસ, વય, લિંગ અને આંતરસ્ત્રાવીય બદલાવ શામેલ છે. અભ્યાસ એ પણ બતાવે છે કે મોટાભાગના પુરુષો કરતા સ્ત્રીઓ આધાશીશી માટે વધુ સંવેદનશીલ હોય છે. જો કોઈને આધાશીશીનું નિદાન કરવાની જરૂર હોય તો સંપર્ક કરવા માટે નિષ્ણાત છે. આ નિદાન તબીબી ઈતિહાસ, લક્ષણો, શારીરિક અને ન્યુરોલોજીકલ પરીક્ષા પર આધારિત છે. રક્ત પરીક્ષણ, એમઆરઆઈ અને સીટી સ્કેન એ નિદાન કરવાની ઘણીવાર પ્રક્રિયાની રીત છે. માઈગ્રેનની તકલીફથી અનેક લોકો કંટાળી જતા હોય છે. માઈગ્રેનની સમસ્યા કોઈ પણ ઉંમરના લોકોને થઈ શકે છે. માઈગ્રેનના દુખાવામાંથી રાહત મેળવવા અનેક લોકો દવા લેતા હોય છે, પરંતુ આ લાંબા સમયે હેલ્થ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. ફાસ્ટ લાઈફ સ્ટાઈલમાં અનેક બીમારીઓનો શિકાર લોકો ઝડપથી બની રહ્યા છે. આમાંથી એક બીમારી છે માઈગ્રેન. માઈગ્રેનની સમસ્યાથી અનેક લોકો પીડાતા હોય છે. માઈગ્રેનનો દુખાવો થાય ત્યારે વ્યક્તિ કંટાળી જાય છે. માઈગ્રેનમાં એક રીતે દુખાવો થાય છે જે માથાના કોઈ પણ ભાગમાં થઈ શકે છે.

# સ્કિનને લગતી દરેક સમસ્યાઓ દૂર કરે છે

એલોવેરામાં એન્ટી એન્જિંગ તત્વ હોય છે જે તમારી ત્વચાને યંગ રાખે છે. આ તમારી સ્કિનને હાઈડ્રેટ રાખે છે. એલોવેરા જેલ લો અને ૧૫ મિનિટ માટે ડેઈલી ફેસ પર મસાજ કરો. આમ કરવાથી સ્કિન ટાઈટ થાય છે. એલોવેરા સ્કિનને લગતી દરેક સમસ્યાઓ દૂર કરે છે. એલોવેરા જેલ અનેક ગુણોથી ભરપૂર હોય છે જે ખીલથી લઈને પિંગમેન્ટેશન જેવી તકલીફ દૂર કરે છે. તો જાણો આ માટે એલોવેરા જેલ કેવી રીતે લાગશો. આર્યુવેદમાં એલોવેરા સંજીવની બુટ્ટી જેવું કામ કરે છે. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) એલોવેરાનો ઉપયોગ અનેક પ્રકારની હર્બલ દવાઓમાં થાય છે. એલોવેરા અનેક ગુણોથી ભરપૂર હોય છે. એલોવેરા તમને ઘરમાં અને બહાર સરળતાથી મળી જાય છે. એલોવેરામાં રહેલા ગુણો સ્કિનને



લગતી અનેક સમસ્યાઓને દૂર કરી શકો છો. આ પિગમેન્ટેશન, ખીલ, ડલ સ્કિન તેમજ ખંજવાળ જેવી અનેક સમસ્યાઓને દૂર કરે છે. પરંતુ એલોવેરા સ્કિન પર કેવી રીતે એપ્લાય કરશો એ જાણવું ખૂબ જરૂરી છે. તો જાણો આ વિશે વધુમાં.. એલોવેરા જેલમાં વિટામીન સી, ઈ અને બીટા કેરાટીનની માત્રા ભરપૂર હોય છે. આ સિવાય એલોવેરા જેલમાં એન્ટી માઈક્રોબિયલ, એન્ટી બેક્ટેરિયલ, એન્ટી ફંગલ અને એન્ટી એન્જિંગ ગુણ હોય છે જે તમારી સ્કિન પરની કરચલીઓ દૂર કરે છે. આ સાથે સ્કિન કોલેજન લેવલ વધારે છે. આ ત્વચા પરના ડાઘા ધબ્બાને મિનિટોમાં દૂર કરવાની તાકાત ધરાવે છે. એલોવેરા સ્કિનને હાઈડ્રેટ કરવાનું કામ કરે છે. એલોવેરા જેલ સ્કિન પર શાઈન લાવે છે. એલોવેરા જેલમાં પાણીની માત્રા સારી હોય છે. એલોવેરા જેલ ત્વચાને મોઈસ્ચુરાઈઝ કરવાનું કામ કરે છે. તમારા ફેસ પર ખીલ વધારે થાય છે તો એલોવેરાનો ઉપયોગ કરો. એલોવેરા જેલ એન્ટી માઈક્રોબિયલ ગુણોથી ભરપૂર હોય છે જે તમારા ફેસ પરના ખીલ દૂર કરે છે. ખીલ દૂર કરવા માટે એલોવેરા જેલ લો અને એમાં અડધી ચમચી હળદર મિક્સ કરો. ત્યારબાદ આ પેસ્ટ ફેસ પર લગાવો અને અડધો કલાક માટે રહેવા દો. પછી પાણીથી ફેસ ધોઈ લો. આમ કરવાથી ફેસ મસ્ત થઈ જશે. તમારી સ્કિન પરની કરચલીઓની સમસ્યા દૂર કરવા માટે એલોવેરા જેલ અસરકારક છે. આ માટે એલોવેરા જેલ લો અને સ્કિન પર ૧૦ મિનિટ માટે મસાજ કરો. ત્યારબાદ ફેસ વોશ કરી લો. એલોવેરા જેલથી સ્કિન ટાઈટ થાય છે. એલોવેરા જેલ તમે દિવસમાં ૩ થી ૪ વાર લગાવી શકો છો.

# બળતરા દૂર કરશે આ લીલું ઘાસ, માથાનો દુખાવો અને ખંજવાળથી રાહત



તુલસીનો છોડ ખુજલીમુક્ત ત્વચા માટે એક આદર્શ જડીબુટ્ટી છે. તેમાં ઈજિન તેલનો સમાવેશ થયેલો છે, જે એક સ્થાનિક નિશ્ચેતક છે. ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મમાં દુર્વા ઘાસ એટલે કે ધરોને પવિત્ર માનવામાં આવે છે. પ્રાચીન કાળથી પૂજા વિધિમાં તેનો ઉપયોગ થતો આવ્યો છે. પરંતુ દુર્વા ઘાસ સ્વાસ્થ્ય માટે પણ ઘણું ફાયદાકારક છે. દુર્વા ઘાસમાં ઠંડી તાસિર ધરાવે છે. તેનો સ્વાદ તીખો અને થોડો મીઠો હોય છે. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) આ શરીરની અંદર અને બહારની સમસ્યાઓ માટે અસરકારક દવા છે. બાળકો ઘણીવાર રમતી વખતે અથવા પડી જતા ઘાયલ થાય છે. આવી સ્થિતિમાં દુર્વા ઘાસની પેસ્ટ લગાવવાથી રક્તસ્રાવની સમસ્યાથી રાહત મળે છે, કારણ કે દુર્વા ઘાસની પેસ્ટમાં રહેલા ગુણો લોહીને રોકવામાં મદદ કરે છે અને ઈજાગ્રસ્ત જગ્યાને જલ્દી રૂઝ લાવવામાં મદદ કરે છે. ઘા પર લગાવવા માટે દુર્વા ઘાસને સારી રીતે ધોઈને બારીક રીતે કાપી લો. ત્યારબાદ તેને મિક્સરમાં પીસી લો. તેને હળવા પાણીમાં મિક્સ કરીને ગળણીથી ગાળી લો. આ પેસ્ટને ઈજાગ્રસ્ત જગ્યા પર લગાવો, તેનાથી રક્તસ્રાવ ઓછો થશે. શરીરમાં બળતરા અથવા ખંજવાળઃ દૂર્વા ઘાસની પેસ્ટ લગાવવાથી શરીરમાં બળતરા અને ખંજવાળથી રાહત મળે છે, કારણ કે દુર્વા ઘાસ ઠંડી તાસિર ધરાવે છે. તેની અંદર રહેલા ઔષધીય ગુણો ત્વચાને ઠંડક આપે છે અને બળતરા અને ખંજવાળની સમસ્યામાં રાહત આપે છે. માથાનો દુખાવોઃ વધુ પડતા પિત્ત દોષના કારણે વ્યક્તિને માથાનો દુખાવો થઈ શકે છે. આવી સ્થિતિમાં દુર્વા ઘાસની પેસ્ટ માથા પર લગાવવાથી માથાનો દુખાવો ઓછો થાય છે, કારણ કે તેના રસમાં રહેલા ઔષધીય ગુણો માથાના સ્નાયુઓને આરામ આપે છે અને માથાના દુખાવામાં રાહત આપે છે. નાકમાંથી લોહી આવવુંઃ ઉનાળા દરમિયાન કેટલાક લોકોને ઉનાળામાં નાકમાંથી લોહી આવવાની સમસ્યા રહે છે. બેકિંગ સોડાએ ખુજલીવાળી ત્વચા માટેનો એક અસરકારક ઉપાય છે. તેમાં બળતરા વિરોધી ગુણધર્મો હોવાથી તે ઠંડક આપે છે,તદ્દુપરાંત એ એક કુદરતી એસિડ તટસ્થીકૃત જેવું કાર્ય કરે છે.

BOLLYWOOD NEWS FLASH

# ગોધરાકાંડ પર બનેલી ફિલ્મ The Sabarmati Reportનું ટીઝર રિલીઝ




ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'ની જાહેરાત થોડા દિવસો પહેલા કરવામાં આવી હતી. વિક્રાંત મેસી આ ફિલ્મ સાથે દિલને હચમચાવી દે તેવી સ્ટોરી લઈને ફરી આવી રહ્યા છે. 12th fail બાદથી વિક્રાંત છવાઈ ગયો છે. ત્યારે ધ સાબરમતી રિપોર્ટ સાથે ફિલ્મની વાર્તા ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતના ગોધરા રેલવે સ્ટેશન પાસે સાબરમતી એક્સપ્રેસમાં બનેલી ઘટના પર આધારિત છે. હવે મેકર્સે 'ધ સાબરમતી રિપોર્ટ'નું ટીઝર રિલીઝ કર્યું છે. ટીઝરમાં દર્શકો માટે એક ખૂબ જ હૃદયદ્રાવક ઘટના રજૂ કરવામાં આવી છે. આ ફિલ્મ એક અલગ અસર છોડવા માટે તૈયાર છે. ધ સાબરમતી રિપોર્ટના ટીઝરમાં ૨૨ વર્ષથી છુપાયેલા અજાણ્યા તત્વોની ઝલક આપવામાં આવી છે. ૨૨ વર્ષ પહેલા સાબરમતી એક્સપ્રેસમાં એક કરુણ ઘટના બની હતી. ટીઝરમાં અભિનેતા વિક્રાંત મેસી, રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા દમદાર ભૂમિકામાં બતાવવામાં આવ્યા છે. ત્રણેય મળીને સત્ય બહાર લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વિક્રાંતનું પાત્ર કોઈ પણ ભોગે સત્ય દેશની સામે રાખીને લોકોને ઉજાગર કરવાના સંઘર્ષમાં વ્યસ્ત છે. આ ટીઝરની શરૂઆત અયોધ્યા જતી સાબરમતી ટ્રેનમાં બેઠેલા ભક્તોથી થાય છે. આ પછી ટ્રેન પર પથ્થરમારો થતો જોવા મળે છે. આ પછી તમે રિદ્ધિ અને વિક્રાંતના પાત્રની એન્ટ્રી થાય છે. બંને સમાચાર વિશે વાત કરી રહ્યા છે. અહીંથી ધમાલ શરૂ થાય છે. વિક્રાંત મેસીની સાથે રાશિ ખન્ના પણ પડદા પાછળની વાર્તાનો પીછો કરતી જોવા મળે છે. ટીઝરના ડાયલોગ્સ અને વિઝ્યુઅલ્સ તે ઘટનાને ફરી જીવંત કરી રહી છે. ટીઝર પરથી સ્પષ્ટ થાય છે કે આ ફિલ્મ ઘણી જબરદસ્ત બનવવામાં આવી છે. ધ સાબરમતી રિપોર્ટ'ના ટીઝર પહેલા મેકર્સે ગોધરા સળગતી ટ્રેન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોની યાદમાં એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં વિક્રાંત મેસી હિન્દીમાં સમાચાર વાંચતો જોવા મળ્યો હતો. અન્ય પાત્રો આને સારું માનતા નથી. નવા ટીઝરમાં પણ તે હિન્દી ભાષા વિશે વાત કરી રહ્યો છે. વિક્રાંત મેસીનું પાત્ર કહે છે હા, હું હિન્દી વ્યક્તિ છું અને આ દેશમાં મારા જેવા કરોડો છે, જેઓ હિન્દી પણ બોલે છે અને સમજે છે.

# આદિત્ય મારો ખૂબ સારો મિત્ર છે : અનન્યા

## વર્કફ્રન્ટની વાત કરીયે તો તેણે હિન્દી સિનેમામાં માત્ર ૫ વર્ષમાં જ પોતાની જગ્યા બનાવી લીધી છે

બોલિવુડ એક્ટ્રેસ અનન્યા પાંડે સુંદર એક્ટ્રેસની લિસ્ટમાં સામેલ છે. એક્ટ્રેસ તેની ફિલ્મો અને એક્ટિંગથી ખાસ કમાલ કરી શકી નથી, પરંતુ તેની લવ લાઈફને લઈને ચર્ચામાં રહે છે. હાલમાં આદિત્ય રોય કપૂરને ડેટ કરી છે અને તે બંને ઘણી વાર એકસાથે સ્પોટ થતાં જોવા મળે છે. બંને ઘણી ઈવેન્ટમાં સાથે જોવા મળે છે તો ક્યારેક લેટ નાઈટ આઉટિંગ પણ સાથે કરે છે. હાલમાં જ અનન્યા પાંડેએ તેના અને આદિત્ય રોય કપૂરના ક્લોઝ બોન્ડિંગ પર વાત કરી અને કહ્યું કે બંને વચ્ચે કેવો સંબંધ છે. સ્ટ્રીમિંગ ફિલ્મ ખો ગયે હમ કહાંમાં જોવા મળેલી એક્ટ્રેસ અનન્યા પાંડેએ કહ્યું કે તે અને આદિત્ય રોય કપૂર માત્ર મિત્ર જ નથી. એક્ટ્રેસ હાલમાં જ નેહા ધૂપિયા દ્વારા હોસ્ટ કરવામાં આવેલા લોકપ્રિય ચેટ શો 'નો ફિલ્ટર નેહા'ના છઠ્ઠા સિઝનમાં જોવા મળી હતી, જ્યાં તેણે 'આશિકી ૨' એક્ટરના સાથે તેના સંબંધને લઈને ખુલીને વાત કરી. શોમાં અનન્યા અને નેહાને આદિત્ય વિશે વાત કરતાં જોવા મળ્યા હતા. જ્યાં અનન્યા કહે છે કે તે અને આદિત્ય માત્ર મિત્ર નહીં, પરંતુ ખૂબ સારો મિત્ર છે. નેહા ધૂપિયાએ કહ્યું, મને કૃતિ સેનનની દિવાળી પાર્ટીમાં એક તસવીર લેવાનો મોકો મળ્યો અને લોકોએ તેને ઝૂમ કરીને જોવાનું શરુ કરી દીધું'. તમે તે પળ વિશે કંઈ કહેવા માંગો છો? અનન્યા પાંડેએ કહ્યું, 'અમે માત્ર મિત્ર નહીં, પરંતુ ખૂબ સારા મિત્ર છીએ'. મને નથી લાગતું કે આ વિશે વધુ વાત કરવા માટે કંઈ છે. નો ફિલ્ટર નેહા સીઝન ૬ દર ગુરુવારે નવા એપિસોડ સાથે જિયો ટીવી અને ટીવી પ્લસ પર સ્ટ્રીમ થાય છે. અનન્યા પાંડેના વર્કફ્રન્ટની વાત કરીયે તો તેણે હિન્દી સિનેમામાં માત્ર ૫ વર્ષમાં જ પોતાની જગ્યા બનાવી લીધી છે. છેલ્લે એક્ટ્રેસ ઓટીટી પર રિલીઝ થયેલી ફિલ્મ 'ખો ગયે હમ કહાં'માં જોવા મળી હતી. આ ફિલ્મમાં તેના રોલના ખૂબ વખાણ થયાં હતા.



# શોલેમાં ૭ મિનિટની સ્કીન સ્પેસ માટે કાલિયાને ૨૫૦૦ જ મળ્યા હતા!


આજે અમે તે અભિનેતા વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જેણે ૪૪૦થી વધુ હિન્દી અને મરાઠી ફિલ્મોમાં કામ કર્યું અને થોડા જ સમયમાં તે લોકોમાં ખૂબ પ્રખ્યાત થઈ ગયા. એ અભિનેતાનું નામ છે વિજુ ખોટે. હા, એ જ વિજુ ખોટે, જેમણે ૧૯૭૫માં આવેલી ફિલ્મ 'શોલે'માં 'કાલિયા'ની ભૂમિકા ભજવી હતી. વિજુ ખોટે ફિલ્મોમાં પોતાના કામ માટે જાણીતા હતા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ ૭૭ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. આજે ભલે તેઓ આપણી વચ્ચે નથી, પરંતુ તેમના પ્રશંસકો આજે પણ તેમને ફિલ્મ 'શોલે' માટે યાદ કરે છે. તે ફિલ્મ 'શોલે'માં ડાકૂ કાલિયા તરીકે પ્રખ્યાત હતા અને 'સરદાર, મેંને આપકા નમક ખાયા હૈ' ડાયલોગના રૂપમાં જાણીતા હતા. જો મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો, વિજુને 'શોલે'માં ફી તરીકે ૨૫૦૦ રૂપિયા મળ્યા હતા, જે તે સમયે મોટી રકમ કહી શકાય.



# રામચરણની જંઝીર ફિલ્મે બરબાદ કર્યું હતું કરિયર, ૨૦૧૩માં રીલિઝ થઈ હતી

## રામચરણે પોતાની ફિલ્મી કરિયરની શરૂઆત બ્લોકબસ્ટર ફિલ્મ ચિરૂથાથી કર્યુ હતું, આ ફિલ્મ વર્ષ ૨૦૦૭માં રિલીઝ થઈ હતી

સાઉથ ઈન્ડસ્ટ્રીમાં ચિરંજીવીનું ખૂબ જ મોટું નામ છે. તેઓએ પોતાની ફિલ્મી કરિયરમાં ઘણી હિન્દી અને તમિળ, તેલુગુ સહિત અન્ય ભાષાઓમાં પણ કામ કર્યુ છે. તેઓના જ નક્શે કદમ પર ચાલતા તેમના દીકરા રામ ચરણ સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર રાજ કરે છે. પિતાની જેમ તેમનો દીકરો પણ સાઉથમાં મોટું નામ છે. ચિરંજીવીની રામ નામની ફિલ્મ એટલી હિટ થઈ ચુકી કે તે હવે પોતાના પિતાને ટક્કર આપવા લાગ્યો છે. તમને જાણીને નવાઈ લાગશે કે જેટલા બજેટમાં તેના પિતા ફિલ્મ બનાવતા હતાં, ફક્ત તેટલી ફી એકલો રામ લે છે. રામચરણે પોતાની ફિલ્મી કરિયરની શરૂઆત બ્લોકબસ્ટર ફિલ્મ 'ચિરૂથા'થી કર્યુ હતું. આ ફિલ્મ વર્ષ ૨૦૦૭માં રિલીઝ થઈ હતી. રામચરણની પહેલી ફિલ્મ દર્શકોને એટલી પસંદ આવી કે લોકો તેના લુક્સ અને એક્ટિંગના દીવાના બનાવી દીધાં. ત્યારબાદ રામે મગધીરા, ઓરેન્જ, રા ચા, નાયક, તૂફાન, યેવાદૂ, ગોવિંદુડુ, અંડારી વાડેલે, બ્રૂસ લી- ધ ફાઈટર, આરઆરઆર, આચાર્ય જેવી સુપરહિટ ફિલ્મો આપી. રામ ચરણે કરિયરની સૌથી શાનદાર ફિલ્મ RRR છે. આ ફિલ્મે તેને ભારતમાં જ નહીં આખા વિશ્વમાં નવી ઓળખ અપાવી છે.



### કરીના કપૂર અને કરિશ્મા કપૂરની રાજનીતિમાં એન્ટ્રી

# કરીના કપૂર અને કરિશ્મા કપુર લડી શકે છે લોકસભાની ચૂંટણી

## ટુંક સમયમાં આ બંન્ને બહેનો એકનાથ શિંદેની શિવસેનામાં સામેલ થઈ શકે છે અને લોકસભાની ચૂંટણી પણ લડી શકે છે

લોકસભા ચૂંટણી પહેલા અનેક ચર્ચિત ચેહરાઓએ રાજનીતીમાં એન્ટ્રી કરી છે અને ચૂંટણી લડવાની પણ જાહેરાત કરી ચૂક્યા છે.જેમાં વધુ ૨ બોલિવુડ અભિનેત્રીઓ રાજનીતીમાં એન્ટ્રી કરી શકે છે. એવા સમાચાર છે કે, કરીના કપૂર અને કરિશ્મા કપુર બંન્ને બહેનો ટુંક સમયમાં રાજકારણમાં એન્ટ્રી કરશે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, ટુંક સમયમાં આ બંન્ને બહેનો એકનાથ શિંદની શિવસેનામાં સામેલ થઈ શકે છે અને ચૂંટણી પણ લડી શકે છે. એટલું જ નહિ સુપર સ્ટાર ગોવિંદા પણ એકનાથ શિંદે વાળી શિવસેનામાં સામેલ થશે. આ ત્રણેય બોલિવુડ સ્ટાર લોકસભાની ચૂંટણી લડી શકે છે. એકનાથ શિંદેની શિવસેના તરફથી ગોવિંદાની સાથે અભિનેત્રી કરીના કપૂર અને કરિશ્મા કપૂરને ઉમેદવાર બનાવવામાં આવી શકે છે. ગોવિંદા કોંગ્રેસ વતી લોકસભા ચૂંટણી લડી ચૂક્યા છે અને સાંસદ પણ બની ચૂક્યા છે. કરીના કપૂરઅનેકરિશ્માકપૂરબોલિવૂડની ટોચનીઅભિનેત્રીઓમાં સામેલ છે. બંનેના રાજકારણમાંજોડાવાના સમાચાર ચોંકાવનારા છે. જો કે અભિનેત્રી તરફથી હજુ સુધી કોઈ નિવેદન સામે આવ્યું નથી. જો આ ત્રણેય સ્ટાર એકનાથ શિંદેની શિવસેના તરફથી ચૂંટણી લડશે. તો મહારાષ્ટ્રની શિવસેના માટે આ એક મોટી વાત સાબિત થશે.



# ઝાલોદ નગરપાલિકા દ્વારા બાકી વેરાની વસુલાત સામે દુકાનદાર અને પાલિકાના કર્મચારીઓ એ સામસામે પોલીસ સ્ટેશનમા અરજી કરી

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ નગરપાલિકા દ્વારા હાલ લેણા વસૂલી માટે કડક રાહે કામગીરી ચાલી રહેલ છે. તેમજ લેણા વસૂલી કરવા જતા જો કોઈ વ્યક્તિ વેરો ન ભરે તો મકાન કે દુકાન શીલ કરવામાં આવી રહેલ છે. આ લેણા વસૂલી કરવા જતા નગર પાલિકા કર્મચારીઓ દ્વારા કાયદાકીય રીતે કાર્યવાહી કરવામાં આવતા કેટલીક જગ્યાએ બોલાચાલી ના દ્રશ્યો પણ સર્જાયેલ છે.

ઝાલોદ નગરપાલિકા વિસ્તારના હનુમાન નગરમાં દુકાન અને મકાન ધરાવતા દિનેશ ખેંમચંદ કલાલને ત્યાં નગરપાલિકાના કર્મચારીઓ તેમજ ચીફ ઓફિસર વેરાની ૬૦૦૦૦ રૂપિયાની વસુલાત કરવા ગયેલ હતા. ત્યારે દિનેશભાઈ દ્વારા વેરો ભરવા માટે આનાકાની તેમજ રકઝક કરવા લાગેલ હતા તેમજ પંદર થી વીસ મિનિટની સમજાવટ બાદ પણ વેરો ન ભરતાં નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા દુકાન મકાનને સીલ મારવાની પ્રક્રિયા હાથ ધરવા લાગતા દિનેશભાઈ તેમજ હિમાંશુભાઈ દ્વારા ધાકધમકી તેમજ અપશબ્દો બોલી સરકારી કામગીરીમાં ખલેલ પહોંચાડેલ હતી. સ્થળ પર વાતચીત દરમ્યાન ઝગડો વધતા ઝપાઝપી થયેલ તેથી તાત્કાલિક પોલીસને બોલવામાં આવતા પોલીસની હાજરીમાં મિલકતને સીલ કરવામાં આવી હતી. આ અંગે નગરપાલિકા કર્મચારીઓ દ્વારા દિનેશભાઈ તેમજ હીમાંશુભાઈ વિરુદ્ધ કાયદેસર રીતે પોલીસ મથકે અરજી કરવામાં આવેલ છે.

બીજી બાજુ નિર્મલાબેન દિનેશભાઈ કલાલ દ્વારા નગરપાલિકાના કર્મચારીઓ વિરુદ્ધ અરજી કરેલ છે કે નગરપાલિકાના કર્મચારીઓ વેરો વસુલાત માટે આવેલ તે સમયે તેમના પાસે રૂપિયાની વ્યવસ્થા ન હોવાથી પછી ભરવા કહેલ પરંતુ નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા દુકાન મકાનને સીલ મારવાની પ્રક્રિયા હાથ ધરાતા નિર્મલાબેન દ્વારા દુકાન અને મકાનનો આવવા જવાનો રસ્તો એક હોઈ દુકાન બાજુ સીલ મારવાનું કહેલ જેથી ઘરમાં આવવા જવાનો રસ્તો તેમજ વાહન મૂકવાનો રસ્તો રહે પરંતુ નગર પાલિકાના કર્મચારીઓ વાતવાતમાં ઉશ્કેરાઈ જઈ મારામારી કરવા લાગેલ હતા. મારામારી થતા હિમાંશુ કલાલ છોડાવવા વચ્ચે આવતા તેમના સાથે પણ મારામારી કરેલ હતી. તેમજ જતા જતા નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા ધાકધમકી અને રસ્તા પર ક્યાંય મળી જશે તો મારવાની ધમકી આપેલ હતી જેથી નિર્મલાબેન દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશનમાં અરજી આપી નગરપાલિકા કર્મચારીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરેલ છે.

આમ નગરપાલિકા દ્વારા વેરો વસુલાત દરમ્યાન વાત વધી જતાં નગરપાલિકાના કર્મચારીઓ વિરુદ્ધ તેમજ દિનેશભાઈ કલાલ વિરુદ્ધ સામસામે ઝાલોદ પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવેલ છે.




તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઈન ચીફ, સંતરામપુર

આજ રોજ કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે દાહોદ લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ સંતરામપુર વિધાનસભાના સંતરામપુર નગરની લોકસભા-૨૦૨૪ની ચૂંટણીને અનુલક્ષીને સૌ હોદ્દેદારો અને કાર્યકર્તાઓની મહત્વપૂર્ણ બેઠક પ્રતાપપુરા સ્થિત મારા જનસંપર્ક કાર્યાલયે યોજાઈ, જેમાં ઉપસ્થિત રહી આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને સંગઠાત્મક માર્ગદર્શન આપ્યું. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં સતત ત્રીજી વાર ભારતીય જનતા પાર્ટીની સરકાર બનવા જઈ રહી છે ત્યારે લોકસભાની દાહોદ લોકસભા બેઠકના અત્યાર સુધીના રેકોર્ડ બ્રેક કરી ૫ લાખ થી વધુની લીડ મેળવી દાહોદ થી એક કમળ દિલ્હી મોકલવા માટે આહવાન કર્યું. આ બેઠકમાં સૌ હોદ્દેદારો દ્વારા તેમનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું તે બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. આ બેઠકમાં લોકપ્રિય સાંસદ શ્રી જશવંતસિંહજી ભાભોર સાહેબ, વિધાનસભા ઈન્ચાર્જ APMC ના ચેરમેન શ્રી શાંતિભાઈ પટેલ, સંતરામપુર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, સંતરામપુર તાલુકા સંગઠન પ્રમુખ બળવંતભાઈ પટેલીયા, નગર પ્રમુખશ્રી સંદીપભાઈ ભોઈ, મહામંત્રી શ્રી નીતિનભાઈ રાણા, મહામંત્રી શ્રી મનોજભાઈ, પૂર્વ ધારાસભ્ય શ્રી ભમાત સાહેબ, જિલ્લાના પૂર્વ પ્રમુખશ્રી જયપ્રકાશભાઈ પટેલ, પાર્ટીના કાર્યકર્તાઓ તેમજ ખુબજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરમતી-દોલતપુર ચોક એક્સપ્રેસ ટ્રેનમાં બે વધારાના કોચ ઉમેરવામાં આવશે

। અમદાવાદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવે મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૧૯૪૧૧/૧૯૪૧૨ સાબરમતી-દોલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં એપ્રિલ મહિનામાં અસ્થાયી ધોરણે બે વધારાના કોચ ઉમેરવામાં આવશે. જે આ પ્રમાણે છે:

● ટ્રેન નંબર ૧૯૪૧૧ સાબરમતી-દૌલતપુર ચોક એક્સપ્રેસમાં તારીખ ૦૧.૦૪.૨૦૨૪ થી ૩૦.૦૪.૨૦૨૪ સુધી અને ટ્રેન નંબર ૧૯૪૧૨ દોલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસમાં તારીખ ૦૨.૦૪.૨૦૨૪ થી ૦૧.૦૫.૨૦૨૪ સુધી એક સ્લીપર ક્લાસ અને એક થર્ડ એસી કોચ વધારાનો ઉમેરવામાં આવશે.

# ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ સંજેલીના સંચાલકે CET તેમજ જ્ઞાન સાધના શિષ્યવૃતિની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૯ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ કાર્યરત છે. જેમાં એકલવ્ય પ્રવેશ પરીક્ષા, નવોદય પરીક્ષા, N.M.M.S પરીક્ષા, શિષ્યવૃત્તિ પરીક્ષા, PSE, CET, જ્ઞાન સાધના પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે. સાથે સાથે અનાથ, અપંગ અને અતિગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ, જરૂરી મટીરીયલ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ-ના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાએ તારીખ ૩૦ માર્ચના રોજ લેવાનારી CET અને જ્ઞાન સાધના શિષ્યવૃત્તિ પરીક્ષા આપતા તમામ વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી હતી. જેમાં તાલીમ કેન્દ્રો ખાતે તાલીમ મેળવી રહેલા વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવે તે માટે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી એ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. આમ સંજેલી એકલવ્ય તાલીમ વર્ગ દ્વારા દિલીપ કુમાર મકવાણા, સુખસર એકલવ્ય તાલીમ વર્ગ રાજુભાઈ મકવાણા અને મોરા એકલવ્ય તાલીમ વર્ગ અશ્વિનભાઈ સંગાડા એ આ સ્પર્ધાત્મક પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આમ ન્યુ પાર્થ એજ્યુકેશન ગ્રુપ સંજેલી દ્વારા શુભકામના પાઠવી હતી.

# રેલવે બોર્ડના સભ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ અમદાવાદ મંડળની મુલાકાત લીધી

## સભ્ય ઇન્ફ્રા એ અમદાવાદ સ્ટેશન પુનઃવિકાસ કામ અને NHSRCL સ્ટેશનનું નિરીક્ષણ કર્યુ સાથે વિવિધ રેલવે પરિયોજનાઓની સમીક્ષા પણ કરી






। અમદાવાદ, તા.૨૯ ।

રેલવે બોર્ડના સભ્ય (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) શ્રી અનિલ કુમાર ખંડેલવાલે ૨૮ માર્ચ, ૨૦૨૪ ના રોજ અમદાવાદ મંડળની મુલાકાત લીધી. આ દરમિયાન અમદાવાદ રેલવે સ્ટેશનના પુનઃવિકાસ અને NHSRCL સ્ટેશનનું નિરીક્ષણ કર્યું. પોતાના પ્રવાસ દરમિયાન તેમણે ધોલેરાની યાત્રા કરી. આ દરમિયાન રેલ્વે લાઈનથી ધોલેરાની કનેક્ટિવિટી અને ભીમનાથ-ધોલેરા રેલવે પરિયોજનાની સમીક્ષા કરી તથા ગાંધીનગરમાં આના સંબંધમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીના સલાહકાર શ્રી એસ એસ રાઠોડ સાથે મીટીંગ કરી.

શ્રી ખંડેલવાલે નિરીક્ષણ દરમિયાન અમદાવાદ સ્ટેશન પર તમામ આપવામાં આવતી સુવિધાઓ અને સ્ટેશનની જાળવણીનું નિરીક્ષણ કર્યું. ત્યારબાદ, રેલવે બોર્ડના સભ્ય (ઈન્ફ્રા) એ અમદાવાદ સ્ટેશનના સ્ટેશન પુનઃવિકાસ કામ સહિત અમદાવાદમાં ચાલી રહેલી વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પરિયોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે અમદાવાદ સ્ટેશન ઉપર NHSRCL સ્ટેશનની કાર્યપ્રગતિ અને અમદાવાદ સ્ટેશન પુનઃવિકાસ કામની સાઈટની મુલાકાત લીધી અને સંબંધિત અધિકારીઓને કામમાં ઝડપ લાવવા અને નિશ્ચિત સમયગાળાની અંદર આ કામોને પૂર્ણ કરવાના નિર્દેશ પણ આપ્યા. તથા અમદાવાદ સ્ટેશન પર તમામ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી.

આ દરમિયાન શ્રી ખંડેલવાલની સાથે એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર પબ્લિક ગ્રીવેન્સ (EDPG), એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ગતિ શક્તિ (EDGS), મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ). મુખ્ય પરિયોજના પ્રબંધક ગતિ શક્તિ, ડાયરેક્ટર આરએલડીએ, પ્રમુખ ચીફ એન્જિનીયર, પ્રમુખ ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર NHSRCL, મુખ્ય પરિયોજના પ્રબંધક NHSRCL અને પશ્ચિમ રેલવેના મુખ્ય અધિકારીજન અને અમદાવાદ મંડળના ડીઆરએમ શ્રી સુધીર કુમાર શર્મા અને સિનિયર અધિકારીઓ ઉપસ્થિત હતા.

# અમદાવાદ પશ્ચિમ(૮) લોકસભાના એલિસબ્રિજ(૪૪) અને જમાલપુર-ખાડિયા(૫૨) વિધાનસભા મતવિસ્તારના પ્રિસાઈડિંગ અને પોલિંગ ઓફિસર માટેના તાલીમ વર્ગ યોજાયા



। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ જિલ્લામાં આગામી ૭મી મે, ૨૦૨૪ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. મતદાનની કામગીરી સુઆયોજિત અને શાંતિપૂર્ણ રીતે સમ્પન્ન થાય તે સુનિશ્ચિત કરવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી. કે.ના માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ તથા કર્મચારીઓ માટે તબક્કાવાર તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ પશ્ચિમ(૮) લોકસભા સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ જમાલપુર-ખાડિયા (૫૨) વિધાનસભા અને એલિસબ્રિજ (૪૪) વિધાનસભા વિસ્તારમાં ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા પ્રિસાઈડીંગ ઓફિસર, પોલિંગ ઓફિસર, આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર તથા વિવિધ કર્મચારીઓ માટે તાલીમ વર્ગનું આયોજન ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. દ્વારા આ તાલીમ વર્ગોની મુલાકાત લઈ ઓફિસરોને અપાઈ રહેલી તાલીમનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી તાલીમાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વધુમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ મતદાનના દિવસે કરવાની થતી કામગીરીથી લઈને મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા સુધીની તમામ કામગીરી ગંભીરતા અને જવાબદારીપૂર્વક કરવા અનુરોધ કર્યો હતો તેમજ ચૂંટણી અંગે વિગતવાર જાણકારી આપી માર્ગદર્શન પૂરું પાડયું હતું.

ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ હોલ ખાતે એલિસબ્રિજ વિધાનસભા તથા કેમેસ્ટ્રી વિભાગ ખાતે જમાલપુર- ખાડિયા વિધાનસભા મતવિસ્તારના તાલીમનું આયોજન કરાયું હતું. આ તાલીમ વર્ગો મદદનીશ ચૂંટણી અધિકારીની રાહબરી હેઠળ યોજાયા હતા.

# અમદાવાદના નાગરિકો માટે મદદરૂપ અને માર્ગદર્શક બની રહી છે વોટર્સ હેલ્પલાઇન '૧૯૫૦'

। અમદાવાદ, તા.૨૯ ।

લોકશાહીનું મહાપર્વ એવી લોકસભાની સામાન્ય ચૂંટણીની તારીખોનું એલાન થઈ ચૂક્યું છે. ત્યારે આ અવસરમાં સહભાગી થવા માટે નાગરિકોનો ઉત્સાહ વધારવા અને મહત્તમ મતદાન થાય તે માટે ચૂંટણી પંચે સુવિધાપૂર્ણ નવતર પ્રકલ્પો શરૂ કર્યા છે. આવો જ એક પ્રકલ્પ છે '૧૯૫૦' વોટર્સ હેલ્પલાઈન.

આ હેલ્પલાઈન દ્વારા જિલ્લાના નાગરિકોને મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપવા માટે 24×7ના ધોરણે કલેક્ટર કચેરી ખાતે અલાયદું યુનિટ કાર્યરત છે. આ યુનિટ નાગરિકોના ફોનકોલ્સને એટેન્ડ કરી તેમના પ્રશ્નો અને મૂંઝવણોના ઉકેલ આપે છે. ચૂંટણી જાહેર થયાથી અત્યાર સુધીમાં '૧૯૫૦' સેલને ૧૬૯૫થી વધુ ફોન કોલ્સ મળ્યા છે. જેમાં પૂછાયેલા સવાલોનો સંતોષકારક જવાબ આપવામાં આવ્યો છે. નાગરિકો દ્વારા મોટાભાગે ચૂંટણી કાર્ડ અને મતદાર યાદી સહિતની બાબતો વિશે સવાલો પૂછવામાં આવે છે, જેના જવાબ આ



સેલ દ્વારા સંતોષકારક રીતે આપવામાં આવે છે. નાગરિકો દ્વારા મતદાન વેળાએ કેટલા દસ્તાવેજો માન્ય ગણાય છે, મતદાર યાદીમાં નામ છે કે કેમ, મતદારયાદીમાં સુધારા માટે કરેલી અરજીનું શું સ્ટેટ્સ છે વગેરે પ્રકારના અનેક સવાલો અત્યાર સુધીમાં પુછાઇ ચૂક્યા છે. આમ, '૧૯૫૦' હેલ્પ લાઈન માધ્યમથી નાગરિકોને સતાવતા સવાલોનો જવાબ મળે છે. સાથોસાથ જરૂરી જાણકારી મળવાથી તેઓ અન્ય લોકોને માહિતી આપી જાગૃતિ ફેલાવી રહ્યા છે. મતદાન વધારવા તથા મતદારોની મૂંઝવણો દૂર કરવા માટેનો ચૂંટણી પંચનો આ પ્રકલ્પ નાગરિકોની પ્રશંસા પામી રહ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશે. વ્યર્થ વાદ-વિવાદ માં આજે ખાલી સમય બગડી શકે છે, જે તમને દિવસ ના અંતે નિરાશ કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો. સમય, કામ, નાણાં, મિત્રો, પરિવાર, સંબંધીઓ, બધું જ આજે એક તરફ હશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. લાંબા-ગાળાના દષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. આજે તમે તમારા સ્વપ્નની સુંદરીને મળતા જ તમારી આંખો ખુશીથી ચમકી ઊઠશે તથા તમારા હૃદયની ગતિ તેજ થઈ જશે. ખાલી સમય માં આજે તમે પોતાના મોબાઈલ ઉપર કોઈ વેબ સિરીઝ જોઈ શકો છો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું?

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી.

**મકર (ખ,જ) :**
આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. પ્રેમની વેદના આજે તમને સૂવા નહીં દે. તમારા માટે સમય ની સાથે રહેવું સારું છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલેટ ખોવાઈ જશે-બેદરકારીને કારણે કેટલુંત નુકસાન ચોક્કસ છે. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.

# નાણાકીય વર્ષ ૨૦૨૪નું છેલ્લું ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ-નિફ્ટી મોટા ઉછાળા સાથે બંધ થયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ગુરુવારે નાણાકીય વર્ષ ૨૦૨૪નું છેલ્લું ટ્રેડિંગ સત્ર હતું. છેલ્લા ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ-નિફ્ટી મોટા ઉછાળા સાથે બંધ થયા છે. સેન્સેક્સ ૬૫૫.૦૪ પોઈન્ટ વધીને બંધ થયો અને નિફ્ટી ૨૦૩.૨૫ પોઈન્ટ વધીને બંધ થયો. રોકાણકારો માટે આ વર્ષ જબરદસ્ત રહ્યું હતું. એક તરફ રોકાણકારોને સેન્સેક્સ, નિફ્ટી, ગોલ્ડ અને ક્રૂડમાં બમ્પર વળતર મળ્યું છે તો બીજી તરફ ચાંદીએ ક્રૂડ કરતાં ઓછું વળતર આપ્યું છે. નિફ્ટીએ આ સમયગાળા દરમિયાન સૌથી વધુ વળતર આપ્યું છે. નિફ્ટી આ નાણાકીય વર્ષમાં ૧૭,૩૫૯ થી ૨૨,૨૩૬ પોઈન્ટ પર પહોંચ્યો છે. આ રીતે નિફ્ટીએ ૪૯૬૭ પોઈન્ટ એટલે કે ૨૮.૬૧%નું વળતર આપ્યું છે.

એચડીએફસી સિક્યોરિટીઝના કોમોડિટી અને કરન્સીના વડા અનુજ ગુપ્તાના જણાવ્યા અનુસાર સેન્સેક્સ અને નિફ્ટીમાં વધારો થયો છે પરંતુ સોનું રોકાણ માટે સલામત સ્થળ છે. જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત ૫ હેલીવાર ૨૨૦૦ ડોલર પ્રતિ ઔંસને પાર કરી ગઈ ત્યારે દેશમાં સોનાની કિંમત ૬૭,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની નજીક પહોંચી ગઈ હતી. કોરોના સંકટ કે રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે સોનામાં સુરક્ષિત રોકાણનો ટ્રેન્ડ ચાલુ છે. આ વર્ષે દિવાળી સુધીમાં સોનાનો ભાવ રૂ. ૬૮૦૦૦ સુધી પહોંચવાની આશા છે. તે જ સમયે, ચાંદીની કિંમત ૮૦,૦૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં મજબૂતાઈના વલણ વચ્ચે ગુરુવારે રાષ્ટ્રીય રાજધાનીના બુલિયન માર્કેટમાં સોનાની કિંમત ૩૫૦ રૂપિયા વધીને ૬૭,૩૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે. ચાંદીનો ભાવ પણ રૂ. ૨૦૦ વધીને રૂ. ૭૭,૪૫૦ પ્રતિ કિલો બંધ રહ્યો હતો. નાણાકીય વર્ષ વિશે વાત કરીએ તો, ભારતીય રૂપિયો યુએસ ડોલર સામે લગભગ ૧.૩૬ ટકા નબળો પડ્યો છે.

### જેલમાં બગડી હતી તબિયત

# માફિયા મુખ્તાર અંસારીનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું

## મુખ્તારના મોટા પુત્ર અબ્બાસ અન્સારીની પત્ની અને અફઝલ અંસારી થોડા સમય પહેલા ગાઝીપુરથી બાંદા જવા નીકળ્યા હતા

। (એજન્સી) બાંદા, તા.૨૯ ।

માફિયા મુખ્તાર અંસારીનું મોત નીપજ્યું છે. મુખ્તાર અંસારીને બાંદા મેડિકલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો. ૯ ડોકટરોની ટીમ મોનીટરીંગ કરી રહી હતી. મુખ્તાર અંસારીને બાંદા મેડિકલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાંદા મેડિકલ કોલેજ દ્વારા મેડિકલ બુલેટિન બહાર પાડવામાં આવ્યું છે. મુખ્તાર અંસારીના મોતનું કારણ કાર્ડિયાક અરેસ્ટ જણાવાયું છે. મુખ્તાર અંસારી સામે ૬૫થી વધુ કેસ નોંધાયા હતા. પ્રથમ સજા ૨૧ સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજ થઈ હતી. ૨ કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. ૧૭ મહિનામાં ૮ વખત સજા થઈ હતી. આ દરમિયાન મઉ, ગાઝીપુર અને બાંદામાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. બાંદા મેડિકલ કોલેજની બહાર મોટી સંખ્યામાં અર્ધ લશ્કરી દળો તૈનાત કરવામાં આવ્યા છે. ડીજીપી હેડક્વાર્ટર દ્વારા તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે. માફિયા મુખ્તારના પરિવારના સભ્યો બાંદા માટે રવાના થઈ ગયા છે. મુખ્તારનો નાનો પુત્ર ઓમર અંસારી બાંદા જવા રવાના થઈ ગયો છે. મુખ્તારના મોટા પુત્ર અબ્બાસ અન્સારીની પત્ની અને અફઝલ અંસારી થોડા સમય પહેલા ગાઝીપુરથી બાંદા જવા નીકળ્યા હતા. હાઈકોર્ટમાં મુખ્તાર અંસારીની રજૂઆત કરનાર એડવોકેટ અજય શ્રીવાસ્તવ પણ બાંદા જવા રવાના થયા છે. મુખ્તારના મુહમ્દાબાદમાં પૈતૃક ઘર પર લોકો એકઠા થવા લાગ્યા છે. મુખ્તારના ઘરની આસપાસ પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. ગાઝીપુર, મઉ, આઝમગઢ પોલીસને હાઈ એલર્ટ પર રહેવાની સૂચના આપવામાં આવી છે. સોશિયલ મીડિયા પર અફવા ફેલાવતી, ભડકાઉ અથવા વાંધાજનક પોસ્ટ સામે પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. મુખ્તારના મોત બાદ મઉ, બાંદા અને ગાઝીપુરમાં કલમ ૧૪૪ લગાવી દેવામાં આવી છે.

### ૧૭ વર્ષની વયે પહેલો કેસ, ૬૧ વર્ષની ઉંમરે પહેલી સજા

ઉત્તર પ્રદેશના રાજકારણી કમ ગેંગસ્ટર મુખ્તાર અંસારીનું જેલમાં મોત થયું છે. મુખ્તાર અંસારીએ દાયકાઓ સુધી રીતસર આતંકરાજ ચલાવ્યું હતું પરંતુ આખરે તેણે જેલમાં જ દમ તોડ્યો છે. આજે મુખ્તાર અંસારીની દફનવિધિ થવાની શક્યતા છે. અંસારી લાંબો સમય સુધી અપરાધની દુનિયામાં સક્રિય રહ્યો હતો. માત્ર ૧૭ વર્ષની ઉંમરે તેની સામે પહેલો કેસ થયો હતો, પરંતુ તેને સૌથી પહેલી સજા ૬૧ વર્ષની વયે મળી હતી. યુપીમાં યોગી આદિત્યનાથની સરકાર આવ્યા પછી અંસારીનું જીવવું મુશ્કેલ બની ગયું હતું. આદિત્યનાથ સરકારે તેની સામે ૬૦થી વધુ ક્રિમિનલ કેસ ઠોકી દીધા હતા જેમાંથી ૧૬ તો મર્ડર કેસ હતા. મુખ્તાર અંસારી સામે ૧૯૭૮માં પહેલો કેસ થયો હતો. ૨૦૧૦માં તેની સામે મકોકાના અત્યંત કડક કાયદા હેઠળ કેસ થયો હોવા છતાં તેને પહેલી સજા છેક ૨૦૨૨માં થઈ હતી. ૧૯૮૬માં અંસારી સામે પહેલો મર્ડર કેસ ફાઈલ થયો હતો. આ ગેંગસ્ટર-રાજકારણીનો એવો ખોફ હતો કે કોઈ તેની સામે કોર્ટમાં જુબાની આપવા તૈયાર ન હતું. તેના કારણે જ મર્ડર કેસમાં પહેલી સજા થવામાં ૩૮ વર્ષ લાગી ગયા હતા. અંસારી સામે મકોકાની કડક કલમો લગાવવા છતાં તેની સામે ક્યારેય ગુનો સાબિત થયો ન હતો. છેક સપ્ટેમ્બર ૨૦૨૨થી માર્ચ ૨૦૨૪ વચ્ચે તેના પર આઠ ગુના સાબિત થયા હતા. યુપી પોલીસે તેની ૯૦૦ કરોડની સંપત્તિ પણ જપ્ત કરીને નષ્ટ કરી હતી. અંસારીના કેસમાં નવાઈની વાત એ છે કે તેના દાદા ૧૯૨૭માં કોંગ્રેસના પ્રમુખ હતા. તેના નાના બ્રિગેડિયર મોહમ્મદ ઉસ્માન ભારતીય સેનામાં એક બહાદુર ઓફિસર હતા અને તેમને મૃત્યુ પછી મહાવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પરંતુ અંસારીમાં નાના કે દાદા જેવા કોઈ ગુણ આવ્યા ન હતા.

### જાહેરાતો બતાવવાના નામે ફ્રોડ કરનારાઓ પર ગૂગલની કાર્યવાહી

# ગૂગલની મોટી કાર્યવાહી, ૧.૨ કરોડ એકાઉન્ટ કર્યા બ્લોક

## ગૂગલ કહે છે કે છેતરપિંડી, ડીપફેક્સ, ચૂંટણી જાહેરાતો સામે તેની લડાઈ ચાલુ છે અને એડ વેરિફિકેશન AI સાથે પડકાર વધ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ગૂગલે જાહેરાતો બતાવવાના નામે છેતરપિંડી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરી છે. ગૂગલે લગભગ ૧.૨ કરોડ ગૂગલ એકાઉન્ટ્સને બ્લોક કરી દીધા છે જે ગૂગલની જાહેરાત નીતિનું ઉલ્લંઘન કરીને વપરાશકર્તાઓને તેમની જાહેરાતો બતાવી રહ્યા હતા. ગૂગલનું કહેવું છે કે નિયમોના ઉલ્લંઘનને કારણે માલવેર અને છેતરપિંડીમાં વધારો થયો હોવાના અહેવાલો હતા, તપાસ બાદ જે ગૂગલ એકાઉન્ટ્સ નિયમોને બાયપાસ કરીને જાહેરાતો બહાર પાડી રહ્યા હતા તેમને હટાવી દેવામાં આવ્યા છે. ગૂગલે તેના વાર્ષિક એડવર્ટાઈઝિંગ સિક્યોરિટી રિપોર્ટને ટાંકીને આ માહિતી જાહેર કરી છે. ગૂગલનું કહેવું છે કે યુઝર્સની ગોપનીયતા અને સુરક્ષા સાથે ચેડા કરવામાં આવશે નહીં. કૌભાંડની જાહેરાતો સામે ઈમાનદારીની લડાઈ ચાલુ રહેશે. ગગુલનું કહેવું છે કે જાહેરાતો પ્રદર્શિત કરવાના નામે ડીપફેક જેવી નવી યુક્તિઓનો ઉપયોગ કરીને યુઝર્સને છેતરવામાં આવી રહ્યા છે. થોડા સમય પહેલા સચિન તેંડુલકરનો ડીપફેક વીડિયો બનાવીને એક એડ બનાવવામાં આવી હતી, જેને લઈને ગૂગલ એલર્ટ થઈ ગયું છે. આવો જ ડર લોકસભા ચૂંટણીને લઈને પણ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે, જ્યાં ડીપફેકનો દુરુપયોગ થઈ શકે છે. ગૂગલ ચૂંટણીને પારદર્શક બનાવવા માટે કામ કરી રહ્યું છે. આ જ કારણે તેણે ૨૦૨૩માં ૫,૦૦૦થી વધુ ચૂંટણી જાહેરાતોની ચકાસણી કરી છે અને ૭.૩ મિલિયનથી વધુ ચૂંટણી જાહેરાતોને દૂર કરી છે જે ચકાસણી પૂર્ણ કરી નથી. ગૂગલનું કહેવું છે કે છૈના કારણે જાહેરાતોનું વેરિફિકેશન ખૂબ જ પડકારજનક બની ગયું છે.

### એલ્વિશ યાદવના ૩૨ બોર ગીતના શૂટિંગમાં સાપનો ઉપયોગ કરવામાં આવ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

બિગ બોસ ઓટીટી ૨ વિજેતા અને યુટ્યુબર એલ્વિશ યાદવની મુશ્કેલીઓનો અંત આવવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. રેવ પાર્ટીમાં સાપનું ઝેર માંગવા બદલ તે જેલ ગયો છે. તાજેતરમાં જ તેને કોર્ટમાંથી જામીન મળ્યા હતા. આ દરમિયાન, તે તેના વીડિયોમાં સાપનો ઉપયોગ કરવાને કારણે ફરી મુશ્કેલીમાં હોય તેવું લાગે છે. ખરેખર, એલ્વિશ યાદવના ૩૨ બોર ગીતના શૂટિંગમાં સાપનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હવે ૨૮ માર્ચે ગુરુગ્રામ કોર્ટે એલ્વિશ વિરુદ્ધ કેસ નોંધવાનો આદેશ આપ્યો છે. આ મામલામાં એલ્વિશ યાદવ ઉપરાંત હરિયાણવી ગાયક રાહુલ યાદવ ફાઝિલપુરિયા સામે પણ FIR નોંધવાના આદેશ આપવામાં આવ્યા છે.

## ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસે આગામી સપ્તાહમાં દુશ્મનો સામે કાર્યવાહી કરવાની ધમકી આપી

। (એજન્સી) ફિલિપાઈન્સ, તા.૨૯ ।

દક્ષિણ ચીન સાગરને લઈને ફિલિપાઈન્સ અને ચીન વચ્ચે દાયકાઓ જૂનો વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. દક્ષિણ ચીન સાગરમાં ફિલિપાઈન્સના જહાજો અને ચીનના કોસ્ટ ગાર્ડ વચ્ચે નાની-મોટી અથડામણ થઈ છે. જે બાદ બંને દેશો વચ્ચે શાબ્દિક યુદ્ધ છેડાયું છે અને બંને દેશોના સંબંધોમાં તણાવ આવી ગયો છે. ચીન, ફિલિપાઈન્સ, વિયેતનામ, મલેશિયા, તાઈવાન અને બ્રુનેઈ આ સંસાધનથી સમૃદ્ધ અને વ્યસ્ત જળમાર્ગ પર દાવો કરે છે. ફિલિપાઈન્સની તેમની તાજેતરની મુલાકાત દરમિયાન, એસ. જયશંકરે કહ્યું હતું કે દક્ષિણ ચીન સાગર વિવાદમાં ભારત ફિલિપાઈન્સની સાથે છે. ચીનના કોસ્ટ ગાર્ડ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિએ ગુરુવારે કહ્યું હતું કે તેમની સરકાર વિવાદિત દક્ષિણ ચીન સાગરમાં ચીનના કોસ્ટ ગાર્ડ અને શંકાસ્પદ લશ્કરી જહાજો દ્વારા ખતરનાક હુમલાઓ સામે પગલાં લેશે. તેણે આગળ લખ્યું,''ફિલિપિનો નમતા નથી.''

રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસે આગામી અઠવાડિયામાં સરકાર શું પગલાં લેશે તે સ્પષ્ટ કર્યું નથી. પરંતુ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી સપ્તાહોમાં અમે અમારા દુશ્મનો સામે કાર્યવાહી કરીશું.

## પેઇનકિલર્સ, એન્ટિબાયોટિક્સની કિંમતોમાં વધારો કરવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

દેશમાં આ દિવસોમાં દવાઓના ભાવને લઈને હોબાળો મચ્યો છે. તાજેતરમાં, બીપી, ડાયાબિટીસ, તાવ વગેરે જેવી દવાઓના ભાવમાં ઘટાડો થવાના સમાચાર હતા.

જો કે, આજે કેટલીક આવશ્યક દવાઓના ભાવમાં વધારાના સમાચાર આવ્યા છે અને તે પછી આગામી દિવસોમાં કેટલીક આવશ્યક દવાઓના ભાવમાં થોડો વધારો જોવા મળી શકે છે.

ડ્રગ પ્રાઈસિંગ રેગ્યુલેટર અથવા ડ્રગ પ્રાઈસ રેગ્યુલેટર ઓફ ઈન્ડિયાએ નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિન્સ (NLEM) હેઠળ દવાઓના ભાવમાં વાર્ષિક ૦.૦૦૫૫ ટકાના વધારાની



જાહેરાત કરી છે. આ વધારો જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI)માં વાર્ષિક ફેરફાર અનુસાર કરવામાં આવ્યો છે. ૧ એપ્રિલથી કેટલીક પેઈનકિલર્સ, એન્ટિબાયોટિક્સ અને એન્ટિ-ઈન્ફેક્શન દવાઓ સહિત આવશ્યક દવાઓના ભાવમાં થોડો વધારો થશે. આર્થિક સમાચાર પોર્ટલ ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ અનુસાર આ સમાચાર પ્રાપ્ત થયા છે.

નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) દ્વારા જારી કરાયેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે "આર્થિક સલાહકારની ઓફિસ, ઉદ્યોગ અને આંતરિક વેપાર વિભાગ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, ૨૦૨૨ દ્વારા પ્રદાન કરવામાં આવેલા WPI ડેટાના આધારે WPI માં વાર્ષિક ફેરફાર સમાન સમયગાળાની સરખામણીમાં કેલેન્ડર વર્ષ ૨૦૨૩ દરમિયાન (+) ૦.૦૦૫૫૧ ટકા છે."

આનો સીધો અર્થ એ થયો કે વર્ષ ૨૦૨૨ની સરખામણીએ કેલેન્ડર વર્ષ ૨૦૨૩ દરમિયાન જથ્થાબંધ ભાવ સૂચકાંકના આધારે કેટલીક આવશ્યક દવાઓના ભાવમાં વધારો કરવાની જરૂરિયાત અનુભવાઈ છે અને તેની કિંમતોમાં ૦.૦૦૫૫૧ ટકાનો નજીવો વધારો કરવામાં આવી રહ્યો છે.

ઉદ્યોગના એક આંતરિક સૂત્રએ જણાવ્યું હતું કે ફાર્મા ઉદ્યોગને ખુશ કરવા માટે આ ભાગ્યે જ સમાચાર છે. ખાસ કરીને જ્યારે ગયા વર્ષે અને તેના એક વર્ષ પહેલા એટલે કે ૨૦૨૨માં ૧૨ ટકા અને ૧૦ ટકાના બે મોટા ભાવ વધારાની સરખામણીમાં આ કંઈ નથી. જો કે, એક NGO સાથે સંકળાયેલા એક અધિકારીએ કહ્યું કે આ એક સારું પગલું હશે જે આ દવાઓની શક્તિ જાળવી રાખવામાં રસ જાળવી રાખશે.

## વિશેષ

### બિલ ગેટ્સ સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું

# સર્વાઇકલ કેન્સરની રસી શોધવા પર ભાર અપાશે

## નવી સરકાર બન્યા બાદ સર્વાઇકલ કેન્સર પર સંશોધન માટે દેશના વૈજ્ઞાનિકોને ફંડ ફાળવવામાં આવશે







વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના બાદ ફરી એકવાર મોટી બિમારીની રસીને લઈને વાત કરી છે. તે બીમારી બીજી કોઈ નહીં પણ સર્વાઈકલ કેન્સરને લઈને છે. માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે સરકાર ઈચ્છે છે કે તમામ છોકરીઓ સર્વાઈકલ કેન્સરની રસી લે. નવી સરકાર બન્યા બાદ સર્વાઈકલ કેન્સર પર સંશોધન માટે દેશના વૈજ્ઞાનિકોને ફંડ ફાળવવામાં આવશે. પીએમ મોદીના નિવેદનથી સ્પષ્ટ છે કે સરકાર દેશમાં જ આ કેન્સર અને તેની રસી પર સંશોધન કરવાની યોજના બનાવી રહી છે. ગયા મહિનાની શરૂઆતમાં, વચગાળાનું બજેટ રજૂ કરતી વખતે, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે પણ જાહેરાત કરી હતી કે સરકાર ૯ થી ૧૪ વર્ષની વયની તમામ છોકરીઓને સર્વાઈકલ કેન્સરથી બચાવવા માટે મોટા પાયે રસીકરણ અભિયાન ચલાવશે.

સર્વાઈકલ કેન્સરને રોકવા માટે, ૯ થી ૧૪ વર્ષની વયની તમામ છોકરીઓએ HPV રસી લેવી જોઈએ. આ રસી કેન્સર સામે ૯૮ ટકા સુધી રક્ષણ આપી શકે છે. રસી લેવાથી, યુવાન છોકરીઓની રોગપ્રતિકારક શક્તિ ઝડપથી વધે છે અને હ્યુમન પેપિલોમા વાયરસ (એચપીવી) નું જોખમ ઓછું થાય છે. સર્વાઈકલ કેન્સરના ૯૦ ટકા કેસ આ વાયરસને કારણે થાય છે. ખાસ વાત એ છે કે આ રસીનો માત્ર એક જ ડોઝ ૧૪ વર્ષ સુધીની છોકરીઓ માટે પૂરતો છે. ૧૫ કે તેથી વધુ ઉંમરની છોકરીઓએ HPV રસીના ૨ થી ૩ ડોઝ લેવા પડે છે. આ રસી ૨૬ વર્ષની ઉંમર સુધી સૌથી વધુ અસરકારક છે અને મોટી ઉંમરે ઓછી અસરકારક છે.

બિલ ગેટ્સે કહ્યું કે, મહામારી દરમિયાન ઘણી રસીઓની શોધ થઈ હતી અને ઘણી રસી ભારતમાં બનાવવામાં આવી હતી. દુર્ભાગ્યે, ઘણા દેશોમાં રસીકરણ સંબંધિત ભય અને અફવાઓ એક મોટી સમસ્યા બની ગઈ હતી. જ્યારે ભારતમાં તેનો પ્રતિકાર ઓછો હતો. હું એ જાણવા માટે ઉત્સુક છું કે તમે સંચારનું સંચાલન કેવી રીતે કર્યું અને તમને કેમ લાગે છે કે તે અહીં વધુ સારું કામ કરે છે.

બિલ ગેટ્સના આ નિવેદન પર પીએમ મોદીએ હસતાં હસતાં કહ્યું, ''તમે ખૂબ જ સારા પ્રશ્નો પૂછ્યા. સૌથી પહેલા, મેં લોકોને આ વાયરસ સામેની લડાઈ માટે તાલીમ આપવા પર ભાર મૂક્યો.પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, ''અને તે પછી, હું દેશવાસીઓને જે પણ કહેતો હતો, તેઓ મારી મદદ કરતા હતા, તે અંગે સવાલ ન ઉઠાવતા. માસ્ક પહેરવું જોઈએ કે નહીં. અને લોકો પણ એકબીજાને કહેતા હતા કે માસ્ક લગાવો. તેથી તે એક જનઆંદોલન બની ગયું. અને લોકશાહી માર્ગે લાકડીઓ કામ કરતી નથી. તમે લોકોને શિક્ષિત કરો, તેમને સમજાવો અને તેમને સાથે લઈ જાઓ.

આ મારું એક મોટું અભિયાન હતું. અને તેના કારણે મને ઘણી સફળતા મળી. મારે મોટો આર્થિક બોજ સહન કરવો પડ્યો. મારે રસી બનાવવા માટે સંશોધન કરવું પડ્યું. પછી મારે ખાતરી આપવી પડી કે આ રસી કામ કરશે. હું જાતે રસી લેવા માટે પ્રથમ ગયો. અને તે સમયે મારી માતા ૯૫ વર્ષની હતી. ''મારી માતાએ પણ આ રસી જાહેરમાં લીધી હતી. તેથી મેં તેને ઉદાહરણ દ્વારા બતાવ્યું. તેથી લોકો માનતા હતા કે તે જીવન બચાવી શકે છે.''




જમાલપુર રાયખડમાં આવલે મેથોડિસ્ટ ચર્ચથી ગુડ ફ્રાઈડે નિમિત્તે રેલી નીકળી હતી.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરા-અમદાવાદ વચ્ચે ટોલ ટેક્સમાં ૫ થી લઈને ૧૫ રૂપિયા જેટલો વધારો

। અમદાવાદ, તા.૨૯ ।

વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ-વે અને નેશનલ હાઈવે ૪૮ દ્વારા મુસાફરી કરનારા લોકો માટે મહત્વના સમાચાર આવ્યા છે કારણ કે આ રસ્તાઓ પર વડોદરા-અમદાવાદ વચ્ચે ટોલ ટેક્સમાં ૫ રૂપિયાથી લઈને ૧૫ રૂપિયા જેટલો વધારો કરવામાં આવ્યો છે. IRB અમદાવાદ-વડોદરા સુપર એક્સપ્રેસ ટોલવે પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આ વખતે જે વધારો કરવામાં આવ્યો છે તે એ રીતે કરાયો છે કે કાર, જીપ, વાન, હળવા મોટર વાહનોવાળા પર વધુ ભાર ન પડે. કેટલાક કિસ્સાઓમાં તો ફક્ત રિટર્ન ફીમાં જ વધારો કરવામાં આવ્યો છે. વધેલા ભાવ મુજબ વડોદરાથી અમદાવાદ વચ્ચેની એક્સપ્રેસ વેની ટોલ ફીલ કાર-વાન જીપ જેવા વાહનો માટે હાલ તો ૧૩૫ રૂપિયા યથાવત છે.

### રસ્તા પર ચાલુ બાઈકે સ્ટંટ કરવો પડયો ભારે

। જામનગર, તા.૨૯ ।

રાજ્યમાં અવારનવાર જોખમી સ્ટંટના વીડિયો સામે આવતા હોય છે. જ્યારે જામનગરમાં ફરી એક વાર જોખમી સ્ટંટનો વીડિયો સામે આવ્યો છે. જામનગરમાં લાલપુર ચોકડી પાસે રોડ પર જોખમી રીતે બાઈક ચાલકે સ્ટંટ કર્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા રસ્તા પર આ પ્રકારની સ્ટંટ કરવો બાઈકચાલકને ભારે પડ્યો છે. બાઈક ચાલકના સ્ટંટનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડ્યો હતો. જામનગરના પંચકોશી બી ડીવીઝન પોલીસે બાઈક ચાલક સામે કડક કાર્યવાહી કરી છે.

### ૧૯ એપ્રિલથી ગુજરાતના 'એક્ઝિટ પોલ' અને 'ઓપિનિયન પોલ' પર પ્રતિબંધ

। અમદાવાદ, તા.૨૯ ।

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તેમજ વિધાનસભાની સામાન્ય ચૂંટણી તથા પેટાચૂંટણી સંદર્ભે ભારતના ચૂંટણી પંચ દ્વારા મીડિયામાં 'ઍક્ઝિટ પોલ' અને 'ઓપિનિયન પોલ' પ્રકાશિત કે પ્રસિદ્ધ કરવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે મુજબ ગુજરાતમાં ૧૯ એપ્રિલ, ૨૦૨૪થી 'ઍક્ઝિટ પોલ' પર પ્રતિબંધ તેમજ ગુજરાતમાં મતદાનનો સમય પૂરો થતો હોય તે સમય પૂર્વેના ૪૮ કલાક દરમિયાન 'ઓપિનિયન પોલ' પર પણ પ્રતિબંધ રહેશે.

### કેટલાંક શહેરોમાં પારો પહોંચી શકે છે ૪૧ ડિગ્રીને પાર

# ગુજરાતમાં આગામી પાંચ દિવસ ગરમી તોડી શકે રેકોર્ડ

## રાજકોટમાં ૪૮ કલાકમાં ૪૪ લોકોમાં હીટવેવની અસર જોવા મળી : અમદાવાદમાં પણ કાળઝાળ ગરમીનો અનુભવ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।


ગરમીનો પારો સતત ઉપર ચઢી રહ્યો છે. ગુજરાતના લોકો રીતસર કાળજાળ ગરમીથી શેકાઈ રહ્યાં છે. જે પ્રમાણેની આગાહીઓ આવી રહી છે એ જોતા તો એવું લાગે છેકે, આ તો હજુ શરૂઆત જ છે. આ તો હજુ ટ્રેલર છે, ગરમીનું પિક્ચર તો હજુ બાકી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસ ગુજરાતમાં ગરમી તોડી શકે છે રેકોર્ડ. આગામી પાંચ દિવસ અમદાવાદ સહિત ગુજરાતના કેટલાંક શહેરોમાં ગરમીનો પારો પહોંચી શકે છે ૪૧ ડિગ્રીને પાર. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોની સરખામણીએ શહેરી વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ વધારે જોવા મળી રહ્યું છે. તેનું મુખ્ય કારણ છે, સતત વધી રહેલાં ક્રોંક્રિટના જંગલો. ઝાડ કપાઈ રહ્યાં છે અને બિલ્ડિંગો બની રહી છે. જેને કારણે ગ્લોબલ વિર્મિગની અસર પણ વર્તાઈ રહી છે. રાજકોટમાં ૪૮ કલાકમાં ૪૪ લોકોમાં હીટવેવની અસર જોવા મળી છે.

અમદાવાદમાં બપોરના સમય દરમિયાન ચામડી દઝાડે તેવી કાળઝાળ ગરમી અનુભવાય છે. હવામાન વિભાગની આગાહીને પગલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે અમદાવાદ શહેરમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કામકાજ વિના લોકોને ઘરની બહાર ન નીકળવા પણ તાકીદ કરવામાં આવી છે. અમદાવાદ, બનાસકાંઠા, આણંદમાં આજે યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. નિષ્ણાતોના મતે કાળજાળ ગરમીને કારણે લોકોને ગભરામણ, માથામાં દુઃખાવો, પેટમાં દુઃખાવો, ચક્કર આવવા જેવી સમસ્યાઓ પણ થઈ શકે છે. તેથી તંત્ર દ્વારા લોકોને પાણી સહિતના પ્રવાહી વધારે લેવાની સલાહ આપવામાં આવી છે. લીંબુ પાણી અને છાશ જેવા ઠંડા પીણા કાળજાળ ગરમીમાં શરીરને ઠંડક આપે છે.

હજુ માર્ચ મહિનો પૂરો થવામાં છે ત્યાં જ અમદાવાદમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી રહ્યો છે. આગળ શું હાલત થશે તેની સૌ કોઈને ચિંતા સતાવી રહી છે. જયારે ૩૦ માર્ચથી બે એપ્રિલ દરમિયાન વરસાવતી ગરમીનો પ્રારંભ થઈ ગયો છે.

### ઝાલોદ તાલુકાના ચાકલીયા ચેક પોસ્ટ ખાતે

# લોકસભા ચૂંટણી અંતર્ગત ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના અધિકારીઓની મીટિંગ યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ભારતમા લોકસભા ૨૦૨૪ ની ચુંટણી યોજવા જઈ રહેલ છે તે અંતર્ગત દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં આવતા બોર્ડર વિસ્તારના પોલીસ અધિકારીઓ તેમજ રેવન્યુ અધિકારીઓની એક મીટિંગ ચાકલીયા મુકામે યોજાઈ હતી. આ મીટિંગ પ્રાંત અધિકારી અજય ભાટિયા તેમજ ડી.વાય.એસ.પી ડી.આર. પટેલના અધ્યક્ષતા મા યોજાઈ હતી. આ મીટિંગમાં રાજસ્થાનના (કુશલગઢ, સજનગઢ), મધ્યપ્રદેશના (થાંદલા) તેમજ ગુજરાતના ઝાલોદ માથી ત્રણે વિસ્તારના પ્રાંત અધિકારી તેમજ ડી.વાય.એસ.પી ઉપસ્થિત રહેલ હતા.

આ મીટિંગમાં બોર્ડર પર થતી સમસ્યાઓનુ સમાધાન, ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા તેમજ ગુનાહિત પ્રવૃત્તિઓ કરનાર ઈસમો પર નજર રાખવા માટે સહિયારું આયોજન કરાયું હતું. તેમજ આ વિસ્તારોમાં આવતા ક્રિટિકલ મતદાન મથકો, ચેકપોસ્ટ પર થતી ઘુસણખોરી અને નાસતા ફરતા આરોપીઓ પર નજર રાખી ચુંટણી પ્રક્રિયા શાંત વાતાવરણમાં યોજાય તે અંગે ચર્ચા કરાઈ હતી. ગુજરાતમાં ગેરકાયદેસર રીતે દારૂની થતી ઘૂસણખોરી રોકવા પર વિશેષ ધ્યાન આપવા પોલીસ તંત્ર સતર્ક રહે તે માટેની વ્યૂહરચના ગોઠવવામાં આવી હતી. તેમજ ત્રણેય રાજ્યોમાં લોકસભાનુ મતદાન શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે અંગે જરૂરી ચર્ચા કરવામાં આવી હતી.

## રૂવેલ ગામેથી દેશી હાથ બનાવટ બે બંદૂક સાથે એક ઈસમની એસ. ઓ.જી.એ અટકાયત કરી



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૯ ।

લોકસભાની ચૂંટણી જાહેર થયા બાદ પોલીસ વિભાગ દ્વારા ઠેર ઠેર સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યુ છે જેમાં બનાસકાંઠા એસ.ઓ.જી. ટીમ કાંકરેજ તાલુકામાં પેટ્રોલિંગમાં હતી તે સમય ખાનગી બાતમી મળતા કાંકરેજ તાલુકા થરા પોલીસ સ્ટેશન હદમાં આવેલ રૂવેલ ગામે રહેતા ભાવસંગ મસાજી રોળિયા (ઠાકોર)ના રહેણાકના મકાનમાં રેડ કરી તપાસ કરતાં ગેરકાયદેસર પાસ પરમીટ વગરની દેશી હાથ બનાવટ બે નાળીવાળી બે બંદૂક મળી આવતા પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### કેરીનો પાક ખરાબ થાય તેવી સંભાવના

# ગુજરાત વલસાડ જિલ્લામાં છૂટોછવાયો વરસાદ વરસ્યો

## વરસાદથી ખેડૂતોને પાક નુકસાનીનો ડર સતાવી રહ્યો છે

। (એજન્સી) વલસાડ, તા.૨૯ ।

ફરી એકવાર માવઠાના મારથી ખેડૂત થયો છે બેહાલ. એક તરફ હાલ ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યાં બીજી તરફ ભરઉનાળે કેટલાંક વિસ્તારમાં ચોમાસા જેવો ઘાટ ઘડાયો છે. રાજ્યના કેટલાંક વિસ્તારમાં ભરઉનાળે કમોસમી વરસાદ ખાબક્યો છે. માવઠાનો માર જગતના તાત માટે પડતા પર પાટુ સમાન છે. ચોમાસામાં થયેલી પાક નુકસાનીથી બેઠા થઈ રહેલાં ખેડૂતોની હાલત ફરી કફોડી બનશે.

ઉનાળામાં સૌથી મોટી સિઝન હોય છે ફળોના રાજા કહેવાતા કેરીની. ઉનાળાની શરૂઆતથી જ કેરીઓ આવવાની શરૂ થઈ જાય છે. એવામાં કમોસમી વરસાદ કેરીનો પાક ખરાબ કરી શકે છે. કારણકે, હજુ તો કેરીઓ ઝાડ પર હોય છે. આ સિઝનમાં વરસાદની અપેક્ષ ક્યારેય હોતી નથી. આવા અણધાર્યા અને અનઅપેક્ષિત વરસાદને કારણે કેરીનો પાક સાવ ખરાબ થઈ જાય છે. જેથી ખેડૂતોને પણ પાક નુકસાનીનો ડર સતાવી રહ્યો છે. ખાસ કરીને આજે ગુજરાત વલસાડ જિલ્લામાં છૂટોછવાયો વરસાદ વરસ્યો હતો. સેલવાસના છેવાડાના વિસ્તારોમાં માવઠું થયું હતું. કિલવની, ઉમરકુઈ, સીલી સહિતના વિસ્તારોમાં ઝરમર વરસાદ વરસ્યો હતો. ઝરમર વરસાદથી કેરી પકવતા ખેડૂતોમાં ચિંતા વ્યાપી હતી.

સંઘ પ્રદેશ દમણ, દાદરાનગર હવેલીમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. બીજી તરફ રાજ્યના તાપી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ બાદ કમોસમી વરસાદ નોંધાયો હતો. સોનગઢ શહેર અને કેટલાક ગામોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. ઘૂટવેલ, મશાનપાડા, ટાપરવાડા સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો.

આ ઉપરાંત ગુજરાતના દાહોદ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો. દાહોદ શહેર સહિત આસપાસના વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. વાતાવરણને લઈને ધરતી પુત્રોમાં ચિંતા ફેલાઈ હતી. છોટાઉદેપુરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. સવારે આઠ વાગે છોટાઉદેપુરમાં વરસાદ વરસ્યો હતો.

### વલસાડમાં એક ગિટાર આર્ટિસ્ટનું હાર્ટએટેકથી મોત

# સુરતમાં ૨૮ વર્ષીય પટેલ યુવાનનું હાર્ટ એટેકથી મોત

## હાર્ટ અટેકના કારણે મૃત્યુના કિસ્સાએ ચિંતા વધારી છે

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

ગુજરાતમાં નાની વયે હાર્ટ અટેકના કેસ સતત વધી રહ્યાં છે. હાર્ટ અટેકના કારણે મૃત્યુના કિસ્સાએ ચિંતા વધારી છે. કોરોના પછી ખાસ કરીને યુવાનોમાં હાર્ટ એટેકથી મોતનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી ગયું છે. આ મામલે જુદા-જુદા તબીબો અલગ-અલગ કારણો આપી રહ્યા છે. તેમ છતાં અચાનક યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ કેમ વધી ગયું છે તેની પાછળનું કોઈ ચોક્કસ કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં આજે ફરી હાર્ટ એટેકથી મોતની બે ઘટના સામે આવી છે. સુરતના પાંડેસરા બમરોલી વિસ્તારમાં ૨૭ વર્ષના એક યુવાનનું બેભાન થઈ ગયા બાદ મોત થયું હોવાની વિગતો સામે આવી છે એલીન પટેલ નામનો યુવાન બેભાન થઈ જતા પાડોશીઓએ એલીનને સારવારમાં ખસેડતા હાજર તબીબે મૃત જાહેર કર્યો હતો. જેમાં મૃત્યુનું પ્રાથમિક કારણ હાર્ટ એટેક હોવાનું લોકો જણાવી રહ્યાં છે. વલસાડમાં એક ગિટાર આર્ટિસ્ટનું હાર્ટએટેકથી મોત થયું છે. મિતેષ પટેલ રેલવે યાર્ડ પર હતા ત્યારે અચાનક હાર્ટએટેક આવ્યો હતો. તેને હોસ્પિટલ ખસેડાતા તબીબે મૃત જાહેર કર્યા હતો. નિષ્ણાંત અનુસાર કોરોનરી આર્ટરી ડિઝીઝ સૌથી કોમન હાર્ટ ડિઝીઝમાંથી એક છે અને તેનાથી મોતનો ખતરો વધારે છે. ડાયાબિટીસના દર્દીને કોરોનરી આર્ટરી ડિઝિસ થવાનો ખતરો હોય છે. દેશમાં કરેલા અમુક અભ્યાસ અનુસાર ભારતમાં એક લાખની જનસંખ્યા પર ૨૭૨ લોકો હૃદય રોગી છે. લોકોએ ફિટ રહેવું, યોગ્ય ડાયેટ લેવી, યોગ્ય એક્સરસાઈઝ કરવી અને સ્મોકિંગ- દારી જેવી વસ્તુઓનું સેવન ન કરવું.

### મહીસાગર પોલીસનો નવતર પ્રયોગ

# એકલવાયું જીવન જીવતી મહિલાઓને મદદ કરાશે

। (એજન્સી) મહીસાગર, તા.૨૯ ।

એકલવાયું જીવન જીવતી મહીસાગર જિલ્લાની વૃદ્ધાઓ માટે મહીસાગર પોલીસે નવતર પ્રયોગ હાથ ધર્યો છે. મહીસાગર પોલીસ હવે વૃદ્ધાઓને સરકારી કામ અર્થે મદદ તેમજ સુરક્ષા પૂરી પાડશે. મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા એક નવતર અભિગમ શરુ કરવામાં આવ્યો છે.

એકલવાયુ જીવન જીવતી મહિલાઓ માટે જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા દ્વારા શાહાનુભૂતિ દાખવી તેઓને સરકારી કામ અર્થે મદદ, દવાખાના સુધીની સેવા તેમજ સુરક્ષા આપવાનું ભગીરથ કાર્ય શરૂ કર્યું છે ત્યારે મહીસાગર જિલ્લાના અંતરિયાળ વિસ્તાર તેમજ શહેરી વિસ્તારોમાં એકલવાયું જીવન જીવતિ વૃદ્ધાઓ માટે સરકારી કાર્યમાં મદદ તેમજ તેઓને સુરક્ષા આપવા માટે સી.ટીમની રચના કરી છે. સી.ટીમ વૃદ્ધાઓના ઘરે જઈ તેઓની વિગતો મેળવશે.

એકલવાયું જીવન જીવતિ મહિલાઓની મદદ માટે હવે મહીસાગર જિલ્લા પોલીસે એક અનોખી પહેલ શરૂ કરી છે. ગુજરાત રાજ્યમાં અવારનવાર વૃદ્ધ મહિલાઓ ઉપર કોઈને કોઈ રીતે અઘટીત ઘટનાઓ ઘટતી હોય છે ત્યારે મહીસાગર જિલ્લામાં થોડા દિવસ અગાઉ વૃદ્ધ મહિલા પર દુષ્કર્મની ઘટના બાદ મહીસાગર જિલ્લા પોલીસ સતર્ક બની છે. જેને લઈ એક નવતર અભિગમ શરૂ કર્યો છે. જિલ્લાની કોઈપણ મહિલા પર અઘટી ઘટના ન ઘટે તે હેતુસર પોલીસે વિવિધ પોલીસ સ્ટેશનમાં સી.ટીમ ની રચના કરી વૃદ્ધાઓની થોડા થોડા દિવસે ખબર અંતર લેવાનું શરૂ કર્યુ છે. તેમજ જિલ્લામાં એકલવાયું જીવન જીવતિ વૃદ્ધ મહિલાઓ તમારી આસપાસ હોય તો તેઓના આધાર કાર્ડ મોબાઈલ નંબર સહિત સરનામાની વિગત પણ નજીકના પોલીસ સ્ટેશનમાં આપવા જાહેર જનતા જોગ અપીલ કરવામાં આવી છે. મહીસાગર જીલ્લા પોલીસના નવતર પ્રયોગને લઈ જિલ્લાની વૃદ્ધ અને એકલવાયું જીવતિ મહિલાઓને એક ઉત્તમ સુરક્ષા અને મદદ મળશે તેમજ મહિલાઓની સુરક્ષાઓમાં વધારો થશે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨